# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 11 ❖ Pages : 44 ❖ Mumbai ❖ November 2025 ❖ Price : Rs.8/-

## ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૫ ના યાદગાર સંભારણા
















# ભાઈબીજ - સ્નેહ સંમેલન ૨૦૨૫ ના યાદગાર સંભારણા



**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,

૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨

**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

**E-Mail:**svjainsamajmumbai2@gmail.com

data@svjainsamaj.com www.svjainsamaj.com

**તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા........................ પ્રમુખ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ............. ભૂતપૂર્વ પ્રમુખ

શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા......................... ઉપપ્રમુખ

શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી..............માનદમંત્રી

શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા....................માનદમંત્રી

શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા.......................ખજાનચી

શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.......................મુખપત્ર તંત્રી

શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી......................... સભ્ય

શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી.............................. સભ્ય

શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા........................... સભ્ય

શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા........................... સભ્ય

શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય

શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા............................ સભ્ય

ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા.......................... સભ્ય

શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ ........................... સભ્ય

શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા......................... સભ્ય

શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા....................... કો-ઓપ્ટ

શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા........................ કો-ઓપ્ટ



**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.

**S.B. A/C No.** 03870100000044

**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**

**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**Banker :** Union Bank of India

Princess Street, Mumbai - 400002

**S.B.A/C.No.** 319102010054364

**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.

**Auditor :** Punit Golwala & Co.

Chartered Accountant, Mumbai-400 009.

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**

૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,

મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


# ચાલને જીવી લઈએ

વૃધ્ધતાના લીધે મોત આવે એ વ્યાજબી પણ બીમારીના લીધે મરવું પડે એ ખોટું. આ બધુ થવાના મુખ્યત્વે ૨ કારણ કહી શકાય (૧) વધુ પડતો શારીરિક આરામ અને (૨) વધુ પડતો માનસિક થાક. બસ આ ૨ બાબતો થી પોતાની જાતને બચાવી લેજો. કોઇ પણ માટે ક્યારેય ભૂખ્યા, તરસ્યા કામ ના કરતાં. પોતાના બાળકો માટે પણ નહીં. કેમ કે તમારું શરીર સ્વસ્થ હશે તો જ તમે આગળ જતાં બાળકોનું ધ્યાન રાખી શકશો અને એના માથે બોજ બનીને નહીં રહો (એ નફામાં...)

ઇચ્છાઓનો ક્યારેય અંત નથી અને ભાગ્યમાં હશે એ મળી જ રહેશે એટલે મહેનત જરૂર કરવાની પણ ચિંતા હરગિજ નહીં કરવાની. જીવનમાં પદ, પૈસો, બધુજ અગત્યનું છે પણ એ બધાની પહેલા તમારું શરીર છે એને સાચવશો તો તમારું જીવન સાર્થક જ છે. શરીરની સાથે સાથે મન પર કંટ્રોલ રાખતા શીખો કેમ કે બધા ફસાદનું મૂળ તો માકડું મન જ છે ને ?

મન પ્રફુલ્લિત અને સંતોષી હશે તો શરીર આપમેળે સુડોળ રહેશે જ અને મન અળવીતરૂં હશે તો સાથે સાથે શરીરને પણ બગાડશે અને એક વાત યાદ રાખજો કે શરીરનું મૃત્યુ થાય ત્યારે સૌ રડે છે પરંતુ મનનું મૃત્યુ થાય ત્યારે પોતાને જ રડવું પડેશે. એના માટે સંતોષ રાખવો ખૂબ જ જરૂરી છે. વધુ પડતી અપેક્ષા કે મોટા સપના ના રાખો અને જે છે એમાં સંતુષ્ટ રહો તો કદાચ તમે આસમાનની ઊંચાઇ ભલે ના મેળવી શકો પણ સુખી સંસાર જરૂર મેળવી શકશો.

એક રાજા પોતાના સૈનિકોની સ્થિતિ કેવી છે એ જાણવા નીકળ્યો તો એને એક વૃદ્ધ સૈનિક ઠંડીમાં થોડો બેચેન હોય એવો દેખાણો તો એની પાસે જઇને પૂછ્યું કે ઠંડી લાગે છે ? તો પેલા સૈનિકે કહ્યું કે લાગે તો છે પણ વર્ષોથી આદત છે તો તકલીફ નથી પડતી. તો રાજાએ કહ્યું કે કાલે તમારા માટે ગરમ કપડાં મોકલી આપીશ જેથી રાહત રહેશે. રાજા આ વચન આપી ને ચાલ્યા ગયા અને પછી ભૂલી ગયા. ૬ દિવસ પછી પેલો સૈનિક ઠંડીના કારણે મુત્યુ પામ્યો અને રાજાને એક પત્ર લખતો ગયો કે વર્ષોથી આ જ કપડાં માં ફરજ નિભાવતા હતા અને ઠંડી સહન કરી લેતા હતા પણ તમે આવીને ગરમ કપડાંની આશા આપતા ગયા અને અમારું મન નબળું કરતાં ગયા અને તમારા એ વાયદાએ મારો જીવ લઇ લીધો. જીવનમાં આશા, સપના અને અપેક્ષાનો ઓવરડોઝ ક્યારેય ના થવા દેવો.

કોઇ પણ વ્યક્તિ કે વિચાર નો સહારો ના રાખવો. સહારો હંમેશા માણસને કમજોર જ બનાવે છે. 'ખુદ ગબ્બર' બનીને જીવો. પોતાના તાકાત, પોતાની સહનશક્તિ, પોતાની ખૂબી પર ભરોસો રાખીને જીવો તો ક્યારેય માંદગી નહીં આવે. વર્તમાન આર્થિક તંગીમાં અકળાઇ જવાને બદલે આ સમય તમને ઘણું શીખવાડી રહયો છે એ શીખો.

દરેક પાસે મોટી અને અમૂલ્ય સંપત્તિ જો કોઇ હોય તો એ સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન છે.

આ બંનેની જાળવણી આપણે ખુદ જ કરી શકીયે, અન્ય કોઇ ચાહે તો પણ નહીં...

## તંત્રી સ્થાનેથી....



શ્રી જયેશ શરદચંદ્ર વસા
મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪

# આવનારી આપણી આગામી પેઢીને આપણા પોતાના સમાજ સાથે લાગણી જોડાઈ રહેશે???

પુણ્યશાળી વડીલો, ભાઈઓ તથા બહેનો,

આપ સર્વેને નૂતન વર્ષના શુભ મંગલ કામના,

વ્હોટ્સએપના જમાનામાં  નૂતન વર્ષના અભિનંદન કરવા એટલે એક સેકન્ડ માં આપણે આવેલો મેસેજ ફોરવર્ડ કરી દેવાનો અને તેવીજ રીતે સામેથી આપણને પણ આજ પ્રમાણે મેસેજ આવી જાય એટલે એક બીજાને નૂતન વર્ષના અભિનંદન થઇ જાય. આપણે કોઇના ઘરે જવાનો કે કોઇ આપણાં ઘરે આવે તે જમાનો લગભગ ગયો.

ખાનાવાળા બોકસમાં કાઢેલી ચોકલેટ, પીપર, કાજુ કિસમિસ, અખરોટ, બદામ અને ડીસમાં કાઢેલા ઘૂઘરા અને કાજુકતલી અને અન્ય મીઠાઇ બે-ત્રણ દિવસ સુધી લગભગ વપરાયા વગરની પડી રહે અને ન છૂટકે ૩ દિવસ પછી પાછું બોક્સમાં રાખવું પડે.

આજના જમાનામાં એકબીજાને પર્વ તહેવારે પણ રૂબરૂ મળવાનું નહિવત પ્રમાણમાં થઇ ગયું છે.

આજથી ૩૦ વર્ષ પહેલા લોકો એકબીજાને શુભેચ્છા આપવા સમય કાઢીને લાગણીથી એકબીજાને ઘરે જતા હતા અને નૂતન વર્ષના દિવસે આપણાં અડોસ પડોસ વાળાના ભૂલકાઓ તો ઠીક પણ આજુબાજુના ૮-૧૦ બિલ્ડીંગ દૂરના પણ ભૂલકાઓ આ પર્વના દિવસે લાગણીથી આવતા અને ૪-૫ વખત તો ચોકલેટ, પીપર, મેવા, મીઠાઇ કચોરામાં લોકો પ્રેમથી ભરતા હતા.

સમાજના ભાઈબીજ સંમેલનમાં આજથી ૩૦-૩૫ વર્ષ પહેલા બપોરના ૩ વાગ્ય નો સમય હોય તો ૨.૩૦ વાગ્યા થી લોકોની હાજરી દેખાતી હતી અને બધા એકબીજાને શુભેચ્છા આપવા ખાસ જલ્દી આવી જતા અને સમાજનો પ્રોગ્રામ માંણવા અધીરા રહેતા હતા. જે અતિથિ વિશેષ થતાં હતાં તેમના અંગત સગા વ્હાલા તો ખાસ વહેલાસર પહોંચી જતા હતા લગભગ તમામ સગાવહાલાની હાજરી ખાસ ધ્યાન ખેંચતી હતી. જમવાનો બગાડ થતો નહોતો અને છેલ્લે સુધી પ્રોગ્રામ ને માણતાં હતા તે પણ મંડપ બાંધેલા ગ્રાઉન્ડમાં.

આ વખતે એટલેકે ૨૦૨૫ માં ભાઈબીજ સ્નેહ સંમેલન નો સમય સવારે ૯ વાગ્યા થી ૧ વાગ્યા સુધીનો હતો પણ લગભગ ૧૧ વાગ્યા સુધી લોકોની હાજરી ઘણીજ ઓછી હતી અને ગલભગ ૧૨ વાગે હાજરી ૪૦૦ ની માંડ દેખાતી હતી. કાર્યક્રમ નિર્ધારિત સમય કરતાં એક કલાક વધારે ચાલ્યો તો તેનાથી સમાજને થતું નુકશાન તેમજ અંદાજિત સંખ્યા ધારણા કરતાં ઓછી આવવાથી સમાજને નુકશાન અને ખાધા ખોરાકી વધે તે સહુથી મોટી નુકશાની.

અત્યારે આપણા સમાજના નવજુવાનોને સમાજના ફંકશનમાં શું ખરેખર રસ નથી ??? આગળ આવનારા સમયમાં શું થશે તેની કલ્પના કરવી બહુજ અઘરી છે. આજના નવયુવાનોને આપણાં પોતાના સમાજમાં સક્રિય રસ લેતા કરવા માટે કોઇ અસરકારક પગલાં ની જરૂર છે નહી તો સમાજ શબ્દાનું અસ્તિત્વ કદાચ ન પણ રહે.

જીવન-ધર્મ શ્રેણી

# મધ્યમાં રહેવું અને કોઇપણ અતિ પર જતાં અટકવું એનું નામ માધ્યસ્થ ભાવના

**- મહેન્દ્ર પુનાતર**

**માધ્યસ્થ ભાવનાનું ચિંતન આપણને સારા ભાવો અને સકારાત્મકતા તરફ લઇ જાય છે. આ જીવન જીવવાની કળા છે. મધ્યમાં રહેવું એટલે રાગ-દ્વેષથી વિચલિત ન થવું અને આત્મામાં સ્થિર રહેવું. સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો. પ્રિય અને અપ્રિયમાં ભેદ ન રાખવો અને માર્ગ ભૂલેલા અને ધર્મ વિમુખ થયેલા લોકોને પોતાના ભોગે સહી માર્ગે વાળવા અને તેમને ઉંડા કળણમાંથી બહાર કાઢીને તેમનું કલ્યાણ કરવું.**

મૈત્રી, પ્રમોદ અને કરુણાનો આપણે વિચાર કર્યો. હવે આપણે માધ્યસ્થ ભાવના અંગે ખ્યાલ કરીએ. આ ચાર પરાભાવના આપણા જીવનમાં વણાઇ જાય તો બીજી બાર ભાવનાઓને સમજવાનું સરળ બની જશે. આપણું ભાવ જગત આપણા જીવનનું કુરુક્ષેત્ર છે. આમાં આપણે જ અર્જુન, આપણે જ દુર્યોધન અને આપણે જ યુધિષ્ઠિર અને કૃષ્ણ છીએ. આપણે જ આપણી સામે લડી રહ્યા છીએ. ઘડીક આપણે જીતીએ છીએ તો ઘડીક હારીએ છીએ. આપણા મનમાં જેવા ભાવ ઊભા થતા જાય તેમ ચહેરાઓ બદલાતા જાય છે. અંદર જે ઘમાસાણ ચાલી રહ્યું છે તેની આપણને ખબર પડતી નથી. આ ભાવનાઓનું ચિંતન આપણને સારા ભાવો અને સકારાત્મકતા તરફ લઈ જાય છે. આ જીવન જીવવાની કલા છે. માધ્યસ્થ ભાવનાના ઘણા અર્થો છે. માધ્યસ્થ ભાવના એટલે રાગ-દ્વેષમાં વિચલિત ન થવું અને આત્મામાં સ્થિર થવું. બીજો તેના અર્થ છે સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો. પ્રિય અને અપ્રિયમાં ભેદભાવ ન રાખવો. ત્રીજો તેનો અર્થ છે કેટલાય જીવો જે આડા પાટે ચડ્યા હોય, ધર્મ વિમુખ અને હિંસક હોય તેમને માધ્યસ્થ ભાવ રાખીને સહી માર્ગે વાળવા, તેમને સુધારવાનો પ્રયાસ કરવો. પણ આમાં સામો માણસ આપણું અપમાન કરે, સામે થાય તો પણ ધીરજ ગુમાવવી નહીં. જેવા સાથે તેવા થવું નહીં. આવા ભટકેલા માણસો પ્રત્યે પણ રાગ-દ્વેષ રાખવો નહીં.

જીવનમાં કેટલાક બનાવો એવા છે એમાં આપણું કાંઇ ચાલતું નથી. સમય અને સંજોગો પ્રમાણે બધું થતું રહે છે. કેટલાક માણસોનું વર્તન અને વહેવાર ત્રાસ ઉપજાવે તેવો હોય છે પણ આપણે સમતા અને શાંતિ ધારણ કરવી. ઉકળાટ કરવો નહીં, ગુસ્સે થવું નહીં. બીજાની ભૂલના કારણે આપણને પોતાને સજા આપવી નહીં, ગુસ્સે થવું નહીં અને કોઇ પણ જાતનો રંજ, દ્વેષ રાખવો નહીં. બીજાને સુધારવાનો પ્રયાસ કરીએ ત્યારે થોડું આત્મનિરિક્ષણ પણ કરી લેવું કે આપણે જે માર્ગે જઇ રહ્યા છીએ તે બરાબર છે ને ? ઉપદેશ કરતા આચરણ વધુ અસરકારક બને છે. કોઇને પણ સુધારવા જતા પહેલાં આપણે સુધરવું પડે. હું કહું એ જ સાચું એવું અભિમાન ચાલે નહીં. આપણે આમાં કશું મેળવવાનું નથી. જશના બદલે જૂતિયાં મળે તો પણ વાંધો નથી. મારે મારું કર્તવ્ય બજાવવાનું છે. બીજો શું કરે છે અને નથી કરતો તેની પીંજણમાં પડ્યા વગર સામા માણસને સન્માર્ગે વાળવાનો છે.

કોઇપણ માણસને ખરાબ થવું કે ખરાબ દેખાવું ગમતું નથી. પોતે જે રાહ પર ચાલી રહ્યો છે તે સારો નથી એવી પ્રતીતિ પણ તેને થતી હોય છે. પણ તે સમય અને સંજોગોમાં સપડાયો હોય છે. તેના માટે પાછા વળવાનું મુશ્કેલ હોય છે. આ એક કળણ છે તેમાં માણસ ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે. માધ્યસ્થ ભાવનાનો અર્થ તેને ઊંડા ખાડામાંથી બહાર કાઢવાનો છે. આ જગતમાં સારા-સજ્જન થવું કોને ન ગમે ? આપણે ભટકેલા, દિશા ભૂલેલા માણસને તેનું માન ન ઘવાય તે રીતે સાંપ્રત પ્રવાહમાં પાછો વાળવા પ્રયાસ કરવાના છે અને તેને આ અંગે મોકો આપવાનો છે.

કેટલાક એવા પ્રકારના લોકો હોય છે જેઓ ગરીબી, કે કંગાલિયતમાં સપડાયા હોય, જીવવાનું તેમના માટે મુશ્કેલ હોય, આના કારણે તેઓ એક યા બીજી રીતે હિંસામાં પ્રવૃત હોય તેમને સહાયરૂપ થઇએ અને માર્ગદર્શન આપીએ ત્યારે આપણામાં એવો ભાવ પણ ઊભો નહીં થવો જોઇએ કે આપણે તેના કરતાં ઊંચા છીએ, વધારે ડાહ્યા છીએ, બુદ્ધિમાન છીએ. આવો ભાવ અહંકાર ઊભો કરે છે. સાધકે માત્ર એટલો ખ્યાલ કરવાનો છે આ મારા જેવો આત્મા છે મારે તેને સત્વરે ધર્મના પંથે ચડાવવાનો છે. આમાં ગમે તે અંતરાયો આવે સમતાભાવ ધારણ કરીને અન્ય પ્રત્યે

શુભેચ્છાનો ભાવ રાખવાનો છે. વૈયાવૃત એટલે સેવાની ભાવના રાખવાની છે. કોઇ દુ:ખી, પીડિત માણસ કે જીવને જોઇએ ત્યારે તેના કારણમાં ઊતર્યા વગર અને તેના હૃદયને ખોતર્યા વગર તેને સહાય કરીને ચૂપચાપ ચાલ્યા જવાનું છે. કામ પુરું થયા પછી આભારના શબ્દો સાંભળવા માટે પણ ઊભા રહેવાનું નથી. કોઇ પણ જાતની અપેક્ષા રાખીએ તો દોષ લાગે.

માધ્યસ્થ ભાવના એટલે તટસ્થા અર્થાત સમતા. આમાં રાગ પણ ન હોય, દ્વેષ પણ ન હોય. આ મારું પ્રિયજન છે, આનો મારી સાથેનો સંબંધ છે એટલે તેની વહારે જવું જોઇએ અને આ મારો દુશ્મન છે, વિરોધી છે એટલે તેને મદદ કરવાની જરૂર નથી એવો ભાવ રાખવાનો નથી. અન્યના દોષોની ઉપેક્ષા કરવી, તેના પ્રત્યે ધ્યાન આપવું નહીં. કોઇ સારું તત્ત્વ એનામાં શોધીને તેને સારા બનવા પ્રોત્સાહન આપવું એ આ ભાવનાનો સાર છે. સમાજમાં સજ્જનો કરતાં દુર્જનોની સંખ્યા વધારે છે પણ આપણે તે અંગે દુર્લક્ષ સેવીએ છીએ. સજ્જનો આગળ આવતા નથી. એટલે દુર્જનો પોતાની જગ્યા કરી લે છે અને આપણે તેમને મહત્ત્વ આપીને તેમના અહંકારનો પારો ઊંચો ચડાવીએ છીએ. તેમની ઉપેક્ષા કરીને તેમને સાચે માર્ગે વાળવાના છે. ખોટા ખરાબ માણસોની જેટલી પ્રશંસા થાય છે એટલી સારા માણસોની થતી હોત તો સારા-સજ્જન માણસોની સંખ્યા વધારે હોત. ખરાબ માણસોને સુધારવા માટે પણ માણસોએ આગળ આવવું જોઇએ.

માણસના મૂળભૂત તત્ત્વમાં વિશ્વાસ અને માનવીય ગુણો વિકસે અને દરેક માણસને સારા થવા પ્રોત્સાહન મળે એવા પ્રયાસો એટલે માધ્યસ્થ ભાવના. લોકો વાતવાતમાં કહેતા હોય છે મેં તેને સુધારવા માટે ઘણા પ્રયાસો કર્યા છે પણે તેને સુધરવું નથી એમાં આપણે શું કરીએ? કેટલાક લોકો કહેશે મેં તેને સુખી બનાવવા ઘણા પ્રયાસો કર્યા પણ તેને કદર નથી. આપણું સુખ બીજા સુધી નથી પહોંચતું તો પ્રથમ વિચાર કરવો કે આપણી પાસે ખરેખર સુખ છે કે? જે વસ્તુ આપણી પાસે હોય તે જ બીજાને આપી શકીએ. આપણી પાસે જે નથી તે બીજાને આપી શકાતું નથી. આપણે કોઇ સારું કામ કરીએ અને કદરની અપેક્ષા રાખીએ તો તેનો કોઇ અર્થ રહે નહીં. કાંઇક કરીને બદલામાં કાંઇક મેળવવું હોય તો એ સ્વાર્થ ગણાય.

માધ્યસ્થ ભાવના એટલે સફળતા અને નિષ્ફળતામાં સમભાવ રાખવો. સફળતા મેળે તો ફુલાવું નહીં અને નિષ્ફળતા મળે તો મૂંઝાવું નહીં. માણસનો સ્વભાવ છે સફળતા મળે તો બધો જશ પોતાનો અને નિષ્ફળતા મળે તો બધો દોષ બીજાનો. આપણે કોઇ પણ કામ કરીએ ત્યારે બીજાનો ખ્યાલ કરવાનો છે. આપણે આપણું પોતાનું જ વિચારવાનું નથી. બીજાને મદદ કરવાની છે. બીજાનું જીવન સુધારવાનું છે પણ આ અંગે નિરાશ થવાનું નથી. શ્રી ચિત્રભાનુજીએ બહુ યથાર્થ રીતે કહ્યું છે કે

**'માર્ગ' ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઊભો**
**રહું કરે ઉપેક્ષા એ મારગની તોય સમતા ચિત્ત ધરું.**

મહાવીરનો સંયમનો અર્થ છે મધ્યમાં રહેવું અને સાક્ષી ભાવે જીવવું અને પોતાની શક્તિથી પરિચિત થવું. આ માટે પ્રભુએ એક માર્ગ બતાવ્યો છે તે છે સમ્યકમાર્ગ. કાંઇ વધુ નહીં, કાંઇ ઓછું નહીં. માધ્યસ્થ ભાવનાનો અર્થ છે કોઇપણ અતિ પર જતા અટકવું. માણસનું સમગ્ર જીવન બે અતિઓ પર અટવાયેલું છે. મન એક અતિ પરથી બીજા અતિ પર જલદીથી સરકી જાય છે. માણસ ઘડીક દોસ્તી કરે છે. ઘડીક દુશ્મની, ઘડીક પ્રેમ તો ઘડીક ઘૃણા, ઘડીક ક્રોધ તો ઘડીક ક્ષમા. આમ બે અતિઓ પર જીવનની ધારા અવલંબિત છે. જીનમાં કોઇ પણ વસ્તુ અતિ સારી નથી. મન એક આયામમાંથી બીજા આયામ પર ભટક્યા કરે છે. કોઇને તે શિખર પર ચડાવી દે છે તો કોઇને નીચે ગબડાવી મૂકે છે.

માધ્યસ્થ ભાવનાનો અર્થ છે જીવનના તમામ વ્યવહારોમાં સંતુલન જાળવવું. આપણે મોટે ભાગે કાં તો કાંઇ કરતા નથી અને કાં તો વધુ પડતું કરી નાખીએ છીએ. વધુ પડતું કરી નાખવાનું માણસનું જે વલણ છે તેનું મુખ્ય કારણ એ છે કે કાંઇક વધુ કરી નાખીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આપણે છીએ અને બીજાને પણ આપણી હસ્તીનો ખ્યાલ આવે છે. આપણે ભભકા કરીએ તો જ બહાર દેખાઇએ. આપણે આગળ આવવું છે, બહાર દેખાવું છે એટલે અતિ પર જવું પડે છે. કાંઇક અસાધારણ કરીએ તો જ બીજાની નજર આપણા તરફ ખેંચાય. જગતને સુધારવું સહેલું છે પણ પોતાનું કલ્યાણ કરવાનું કઠિન. બીજાને સુધારવા માટે પરિણામની કશી ચિંતા કરવી પડતી નથી. દોષનો ટોપલો બીજા પર ઢોળી શકાય છે પણ પોતાને સુધારવાની નિષ્ફળતામાં કોઇને જવાબદાર ગણી શકાતું નથી. બીજાને બદલાવામાં અને બીજાને પોતાના જેવા કરવામાં માણસને અનહદ આનંદ થતો હોય છે. પોતાનું કહ્યું બીજા માને, બીજા પોતાનું અનુસરણ કરે એવું દરેક માણસને ગમતું હોય છે. બાપ દીકરાને, ગુરુ શિષ્યને, શિક્ષક વિદ્યાર્થીને પોતાના ઢાંચામાં ઢાળવાનો પ્રયાસ કરે છે. આમાં અહંકારની તૃપ્તિ છે. માધ્યસ્થ ભાવનાનો અર્થ છે આપણે બીજાને સુધારવાના છે, પણ તેમની પર હકૂમત જમાવવાની નથી. આપણે ઢળી જવાનું છે, પણ બીજાને આપણા મત મુજબ ઢાળવાના નથી. આ ભાવનામાં જીવનનો સમગ્ર સાર છે.આપણે તેને સાચી રીતે સમજીએ તો આમાં આપણું અને સર્વેનું કલ્યાણ રહેલું છે. કોઇ રચનાકારે કહ્યું છે તેમ..

**''ગુણીજન વિશે પ્રીતિ ધરું**
**નિર્ગુણ વિશે મધ્યસ્થતા**
**આપતી હોય, સંમતિ હોય**
**રાખુ હૃદયમાં સ્વસ્થતા**
**સુખમાં રહું વૈરાગ્યથી**
**દુ:ખમાં રહું સમતા ધરી**
**પ્રભુ આટલું ભવોભવ**
**મને તું આપજે કરુણા કરી''**

# શ્રદ્ધાંજલિ







## મહેન્દ્રભાઈ પોપટલાલ વોરા

**જન્મ : તા.૧૭-૧૨-૧૯૪૩ ❑ સ્વર્ગવાસ : તા.૦૫-૧૧-૨૦૦૭**

**મૂળવતન : ધોરાજી (મોટીમારડ), હાલ : મુલુન્ડ**

**તમે આપેલ હિતશિક્ષાના, સમતાના વચનો હજીએ ગુંજે છે કાનમાં,**
**ભણો, ગણો, આગળ વધો, ફલો, ફુલો જનકલ્યાણમાં.**
**કંઈક સંકટના કંટક વેઠી, સંસ્કારો રેડ્યા અમ જીવનમાં,**
**તમારી સ્નેહભરી સ્મૃતિઓ, ઉચ્ચતમ ભાવો,**
**યશસ્વી જીવનની યાદગાર પળો, હરપળ યાદ આવો.**
**સતત અમ ઉપર વરસતા રહે, આપના આશિષ.**

**આપને અમારી સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ**

લિ.

માતુશ્રી - મંછાબેન    ધર્મપત્ની - ચંદ્રિકાબેન
નીલેશ-બીના, નીપુલ-રાજુલ
રીયા, શીલ, જીયા, ધૈર્ય
પ્રીતિ નયન શેઠ, તૃપ્તિ હિતેશ શાહ
ફોરમ-ભવ્યા, વૃદ્ધિ-મીતી
બહેન બનેવી - યશોમતીબેન ગોરધનદાસ વસા

Kayami - November

# મરજી મુજબના સુખની કિંમત ચૂકવવી પડે છે

**- ચિંતનની પળે - કૃષ્ણકાંત ઉનડકટ**

દરેક માણસને પોતાની મરજી મુજબ જીવવું હોય છે. એ વાત જુદી છે કે, જિંદગી આપણને આપણી રીતે જીવવા દેતી નથી. જિંદગી સાથે માણસે ઘણાં સમાધાન કરવાં પડે છે. બધુ આપણું ધાર્યું થતું નથી. તમને કોઈ એવો સવાલ કરે કે, તમે તમારી મરજી મુજબની જિંદગી જીવો છો તો તમે શું જવાબ આપો ? મોટા ભાગના લોકોની જિંદગીમાં એવું બન્યું હોય છે કે, કરવું હોય છે કંઈક અને થઈ જાય છે કંઈક ક્યારેક તો માણસે ક્યારેય કલ્પના પણ ન કરી હોય એવી રીતે જિંદગી ફંટાઈ જાય છે. ઘણાનાં મોઢે આપણે એવું સાંભળીએ છીએ કે, મેં તો સપનેય વિચાર્યું નહોતું કે મારી સાથે આવું થશે. એક ઘટના બની અને આખી જિંદગી જ બદલાઈ ગઈ.

જિંદગીમાં ક્યારેક સારું થાય છે. તો ક્યારેક ખરાબ પણ બની જાય છે. ક્યારેક તો એવો સવાલ પણ ઉઠે કે, ખરેખર આપણી જિંદગીની દોર આપણા હાથમાં છે કે નહીં ? માણસ દરેક પરિસ્થિતિ પર કંટ્રોલ કરવાના સતત પ્રયાસો કરતો રહે છે. ક્યારેક એવું ફીલ પણ થાય છે કે, હવે બધું કંટ્રોલમાં છે. લાઈફ સેટ છે. બધું સ્મૂધલી ચાલી રહ્યું છે. અચાનક જ કંઈક એવું થાય છે કે, બધું જ ડામાડોળ થઈ જાય છે. જિંદગી તોફાને ચડી જાય છે અને એક નવો સંઘર્ષ શરૂ થાય છે. જિંદગી વિશે ક્યારેય કંઈ ધારી લેવું નહીં, કારણકે જિંદગી ક્યારે આપણી ધારણાઓ ખોટી પાડે એ નક્કી હોતું નથી. બેસ્ટ વે એ જ છે કે, જિંદગી વહેવા દેવી. જિંદગીના સવાલોના જવાબો આપવાની તૈયારી રાખવી અને જિંદગી જીવતા રહેવું.

માણસ સુખ માટે સતત પ્રયાસો કરતો રહે છે. અલબત્ત, એમાં કશું ખોટું નથી. માણસ જે કંઈ કરે છે એનો અલ્ટિમેટ ગોલ તો સુખ જ હોય છે. કેટલાંક સુખ એવાં હોય છે જેને આપણે ઝંખતા હોઈએ છીએ. મારે તો આમ કરવું છે. એક યુવાનની આ સાવ સાચી વાત છે. એને દરિયાઈ સૃષ્ટિનો ગાંડો શોખ હતો. દરિયામાં ડૂબકી મારવી અને પેટાળ સુધી પહોંચવું, દરિયાની સુંદરતાને માણવી અને દરિયાઈ જીવોને જાણવા. એના માટે તેણે જરૂરી અભ્યાસ પણ કર્યો. પોતાના શોખને પાળવાની કલ્પના સાથે એ નોકરીની શોધમાં પણ હતો. એક વખત તેને બિઝનેસ શિપિગ કંપનીની જોબ માટે ઓફર આવી. માલની હેરફેર કરતા શિપમાં તેને સફર કરવાની હતી. દરિયાની નજીક રહેવાય એમ હતું, પણ દરિયાની અંદર ડૂબકી મારવાની શક્યતાઓ ઓછી હતી. તેણે પિતાની સલાહ લીધી. પિતાને કહ્યું કે, મારે તો મરજીવા જેવું કામ કરવું છે. પિતાએ તેને કહ્યું શીપીંગ કંપનીની જોબ માં સારો પગાર છે. દર મહિને ચોક્કસ રકમ મળશે. તુજે કરવા ઇચ્છે છે એમાં આવકની કોઈ ગેંરટી નથી. પિતાએ પછી સરસ વાત કરી. તેમણે કહ્યું કે, દિકરા, મરજી મુજબનું સુખ, ખુશી અને આનંદ મેળવવાની કિંમત ચૂકવવી પડતી હોય છે. તારે જો તારી ઈચ્છા મુજબનું કામ કરવું હોય તો ચોક્કસ કર, પણ એની કિંમત ચૂકવવા તૈયાર રહેજે. જિંદગીમાં ક્યારેય ફરિયાદ ન કરતો ઉલટું ખુશ થજે કે, મેં મને ગમતું હતું એ કર્યું છે. ક્યારેય એવો વિચાર નહીં કરવાનો કે, આના કરતાં નોકરી કરી લીધી હોત તો સારું હતું. દિકરાએ નક્કી કરી લીધું કે, જે ગમે છે એ જ કરવું છે, ભલે ગમે એટલી મુશ્કેલી પડે. કામ કરવાની તો મજા આવશે.

કેટલાક લોકોને તો એ વાતની પણ સમજ નથી પડતી કે, મને ખરેખર શેમાં મજા આવે છે ? મારે લાઈફમાં શું જોઈએ છે ? જિંદગી પાસેથી મને શું અપેક્ષા છે ? જિંદગી વિશે પણ ક્લેરિટી હોય એ જરૂરી છે. જિંદગીને જેમ ચાલતી હોય એમ ચાલવા દઈએ તો પણ એ ચાલતી જ રહેવાની છે, આપણે નક્કી કરવાનું હોય છે કે, આપણે જિંદગીને કંઈ તરફ લઈ જવી છે. જિંદગી એની રીતે ટર્ન લઈ લે તો વાંધો નથી, પણ આપણા પ્રયાસો તો એવાજ હોવા જોઇએ કે, આપણને સુખ મળે એ તરફ જિંદગીને લઇ જઇએ. સંબંધો પણ ક્યારેક સુખના સવાલો પેદા કરતા હોય છે. એક છોકરીની આ વાત છે. ખૂબ જ ધનાઢ્ય પરિવારની આ છોકરી અત્યંત લાડકોડમાં ઉછરી હતી. તેને એક છોકરા સાથે પ્રેમ થયો. છોકરો સામાન્ય પરિવારનો હતો. છોકરીએ પિતાને વાત કરી. પિતાએ દીકરીને વાસ્તવિકતા સમજાવી અને કહ્યું કે, તું જુદી રીતે ઉછરી છે, ત્યાં ઘણા ચેલેન્જીસ છે. તું સહન કરી શકીશ ? દીકરીએ કહ્યું, હા મને ખબર છે કે હું ધારું છું એટલું સહેલુ રહેવાનુ નથી. મારા સુખની કિંમત ચુકવવા હું તૈયાર છું. આવો જ એક બીજા કિસ્સો છે. એક છોકરીએ પોતાની મરજી મુજબ લગ્ન કર્યા હતા. માતા-પિતા દીકરીની પસંદથી ખુશ નહોતા. પરિવારે દીકરી સાથેનો બધોજ સંબંધ કાપી નાખ્યો હતો. દીકરી પોતાના જીવનસાથી સાથે ખુબ ખુશ હતી. સરસ જિંદગી જતી હતી. પેઇન એટલું જ હતું કે ઘરનાં લોકો બોલતા નહોતા. તેને એમ થતું કે, એ લોકો જુએ તો ખબર પડે કે અમે બંને કેટલાં સુખી છીએ, કોઈ પ્રોબ્લેમ નથી, બધું સારું છે, પણ એ લોકો જુએ તો ને ? એક વખત છોકરીના ફ્રેન્ડ પૂછયું. મમ્મી-પપ્પા નથી બોલતાં એનું પેઈન થાય છે ?

છોકરીએ કહ્યું એ તો થવાનું જ છે. આપણા સુખની પસંદગી સાથે કેટલાક પેઈન પણ આવતા જ હોય છે. ચોઈસ મારી હતી એટલે પેઈન પણ મારે જ ભોગવવાનું છે. કેટલાક કિસ્સામાં આપણા સુખની કામના કરતા લોકો પણ આપણને આપણી મરજી મુજબનું સુખ ભોગવવા દેતા નથી. એ લોકોને આપણા માટે પણ એવું સુખ ખપતું હોય છે જે એની વ્યાખ્યામાં ફીટ બેસતું હોય જિંદગી ક્યારેક એવા ત્રિભેટે આવીને ઊભી રહી જતી હોય છે કે, આપણી મતિ મૂઝાઈ જાય. શું કરવું સમજ ન પડે. એવા સમયે તમારે નક્કી કરવું પડતું હોય છે.

તમારા સુખ માટે કેટલી કુરબાની આપવાની તમારી તૈયારી છે. ક્યારેક આપણી પસંદગીના સુખમાં આપણે ખોટા પણ પડીએ. એવા સંજોગોમાં પણ પરિણામો ભોગવવાની આપણી તૈયારી હોવી જોઈએ. ધારણાઓ ખોટી પડે અને પરિણામો જુદા આવે ત્યારે રડવા બેસીએ એ બરાબર નથી હોતું. એને પણ ફેસ કરવાની તૈયારી રાખવાની હોય છે.

સુખ અને દુઃખની ધારણાઓ પણ ક્યારેક ખોટી પડે છે અને આપણને કલ્પના પણ ન હોય એ રીતે આપણી સામે આવે છે. એક યુવાનની આ વાત છે. તેને એક છોકરી સાથે પ્રેમ થયો. તેને એવું જ લાગ્યું કે, આ વ્યક્તિ મારી લાઈફમાં આવી જાય તો જિંદગી સુખેથી જીવી શકાય. છોકરીને પણ એવું જ હતું કે, આ વ્યક્તિ જ મારા માટે રાઈટ ચોઈસ છે. બંનેએ પોત પોતાના ઘરે વાત કરી, ઘરના લોકો માની ગયા અને બંનેના મેરેજ થયા. થોડો સમય તો બન્ને એવું લાગ્યું જાણે એ સ્વર્ગની જિંદગી જીવે છે. ધીમે ધીમે વાસ્તવિક્તાઓ સામે આવવા લાગી. એકબીજાને પ્રોબ્લેમ થવા લાગ્યા. એ યુવાને કહ્યું કે, જેની સાથે જ સુખ લાગતું હતું એ જ હવે દુઃખનું કારણ બની ગયું છે. ઘણી વખત સમજાતું નથી કે, આવું કેમ થયું ? જે વ્યક્તિ બેસ્ટ લાગતી હતી એ કેમ અચાનક બદલાઈ ગઈ ? એ બદલાઈ ગઈ કે હું બદલાઈ ગયો છું ? માણસ બદલતો હોય છે. સમયની સાથે માણસમાં પણ પરિવર્તનો આવતાં હોય છે. આપણે પણ બદલાતા હોઈએ છીએ. બદલતા સમય અને બદલતી વ્યક્તિ સાથે આપણે પણ બેલેન્સ સાધવું પડતું હોય છે. કેટલાક લોકો બદલાઈ નથી શકતા. એ વિચાર નથી કરતા કે, ક્યાં ખોટું થઈ રહ્યું છે ? શું ખૂટી રહ્યું છે ? ખોટું હોય તેને સુધારતા અને ખૂટી રહ્યું હોય એને પૂરતા આવડવું જોઈએ. જિંદગીનો ટ્રેક પણ મેઈનટેઈન કરવો પડે છે. ધ્યાન ચૂકે તો ગાડી આડે પાટે ચડી જાય છે. જિંદગી રોજે રોજ જીવવાની ઘટના છે. એની સાથોસાથ એ પણ જોતા રહેવું પડે છે કે, જિંદગી બરાબર તો જીવાય છેને ? પેઈન હોય તો પણ એ પોતાની પસંદગીનું હોવું જોઈએ. સુખી થવા માટે ક્યારેક સામનો તો સક્યારેક સમાધાનો કરવા પડે છે. ક્યારે શુ કરવું એની સમજ જ જિંદગીને જીવવા જેવી બનાવે છે.

# પરિવારમાં કોઇને પણ ગ્લુકોમા હોય તો જાગી જાઓ

**- સેજલ પટેલ**

બ્લડ-પ્રેશર વિશે હવે દુનિયા આખી જાણે છે, પણ આંખમાં પણ ચોક્કસ પ્રેશર જળવાવું જોઇએ એ વિશે કેટલા લોકો સભાન છે ? આંખના પ્રેશરમાં ગરબડ થાય તો એ અંધાપો નોતરી શકે છે એ વિશેની જાગૃતિ ફેલાવવા માટે હાલમાં વિશ્વભરમાં ગ્લુકોમાં અવેરનેસ વીકની ઉજવણી થઇ રહી છે. છેલ્લા દાયકાથી આ રોગ બાબતે ખૂબ જાગૃતિ કાર્યક્રમો થઇ રહ્યા છે અને હવે શહેરી વિસ્તારોમાં એની પૉઝિટિવ અસરો પણ જોવા મળી રહી છે, પણ હજીએ જોઇએ એટલી જાગૃતિ નથી. એનું કારણ એ છે કે આજેય આપણને વિઝનમાં કંઇક તકલીફ હોય તો આપણે નિષ્ણાત પાસે જવઆને બદલે ચશ્માંની દુકાનવાળાના મશીનમાં નંબર ચેક કરાવીને સંતોષ માની લઇએ છીએ. જોકે આંખમાં માત્ર નંબરની જ સમસ્યા હોય એવું નથી; વિઝન સાથે સંકળાયેલા કૉર્નિયા, રેટિના, આપ્ટિકલ નર્વ્ઝ વગેરેમાં કોઇ તકલીફ હોય તો એનું જલદી નિદાન થાય એ જરૂરી છે.

ગ્લુકોમાના કેસ વધ્યા નથી, પરંતુ જાગૃતિ વધી છે. એમ છતાં હજીયે જયારે નિદાન થાય ત્યારે ઘણી વાર મોડું થઇ ગયું હાયે છે એની વાત કરતાં સાંતાક્રુઝના જાણીતા આઇ-સર્જ્યન ડૉ. વૈશલ કેનિયા કહે છે, 'ગ્લૉકોમાં એક એવી સાઇલન્ટ કન્ડિશન છે જે ગુપચૂપ તમારી આંખોનું વિઝન ડૅમેજ કરે છે. લગભગ ૧૩ ટકા ભારતીયોમાં આ કન્ડિશન વધતે-ઓછે અંશે જોવા મળે છે. સાઇલન્ટ કન્ડિશન એટલા માટે કહેવાય કેમ કે શરૂઆતમાં એનાં કોઇ લક્ષણો



નથી હોતાં. ચેકઅપ કરો તો જ ખબર પડે. જેમ બૉડીમાં બ્લડ-પ્રેશર વધી જાય એમ આંખનું પણ પ્રેશર વધી જાય એને ગ્લુકોમા કહેવાય છે. જો તમે બ્લડ-પ્રેશર કાબૂમાં રાખવા માટેની દવાઓ ન લો તો એ સાઇલન્ટ્લી કિડની અને હાર્ટને હાર્મ કરે છે એવી જ રીતે જો ગ્લુકોમામાં પણ જરૂરી સારવાર ન કરો તો એ વિઝનને ડૅમેજ કરે અને બ્લાઇન્ડનેસ આવે. આંખમાં પ્રેશર વધવાથી આઇ બૉલ અને બ્રેઇનની વચ્ચેના કેબલનું કામ કરતી ઑપ્ટિક નર્વ પર અસર થાય. આ નર્વ ધીમે છીમે ડૅમેજ થતી જાય. જેટલું નર્વ ડૅમેજ ઓછું હોય ત્યારે જ ગ્લૉકામાનું નિદાન થઇ જાય એ જરૂરી છે. એક વાર નર્વ ડૅમેજ થઇ ગઇ એ પછી કંઇ નથી થઇ શકતું.'

## લક્ષણો નથી હોતાં

કોઇ પણ રોગ બાબતે ત્યારે વધારે ચિંતા કરવી જોઇએ જયારે એ રોગ કોઇ દેખીતાં અને સ્પષ્ટ લક્ષણો વિના જ ઑર્ગનમાં ખાનાખરાબી પેદા કરી દેતો હોય. ગ્લુકોમા એમાંનો જ એક છે. આઇ પ્રેશર વધી જાય ત્યારે શરૂઆતના તબક્કામાં ન તો દુખાવો થાય છે, ન આંખો લાલ થઇ જાય છે, ન કોઇ સોજો આવે છે. માત્ર કટારેક થોડું-થોડું ધૂંધળું દેખાય અને પેરિફેરિયલ વિઝન એટલે કે આંખના ખૂણાઓથી જે દેખાતું હોય એમાં ઘટાડો થાય છે. આ લક્ષણો પર સામાન્યપણે લોકો બહુ ધ્યાન નથી આપતા અને જયારે ઑપ્ટિક નર્વમાં સારું એવું ડૅમેજ થઇ જાય છે ત્યારે દૃષ્ટિ પર એની ઑલરેડી ખરાબ અસર પડી ચૂકી હોય છે. ગ્લુકોમાના અનેક પ્રકાર છે અને એમાંથી જયારે ઍક્યુટ ઍન્ગ્યુલર કલોઝર ગ્લુકોમાના અનેક પ્રકાર છે અને એમાંથી જયારે ઍક્યુટ ઍન્ગ્યુલર કલોઝર ગ્લુકોમા હોય તો સોજા, લાલાશ, માથાનો દુખાવો, ઊબકા અને ધૂંધળી દૃષ્ટિ જેવા લક્ષણો જોવા મળે છે.

## કોને સૌથી વધુ જોખમ ?

પહેલાના જમાનામાં ગ્લૉકોમાની સારવારના વિકલ્પો પણ ઓછા હતા, પમ હવે આંખનું પ્રેશર મેઇન્ટેન કરવા માટે દવાઓના ડ્રોપ્સ બહુ જ અસરકારક છે. જોકે એ ત્યારે અસરકારક રહે જયારે એનું નિદાન વહેલું થાય. કોણે આ રોગના નિદાન બાબતે સભાનતા વધુ રાખવી એના વિશે સમજાવતાં ડૉ.વૈશલ કેનિયા કહે છે, 'આ સમસ્યા જિનેટિકલી આગળ વધતી આવી છે. મતલબ કે આનુવંશિક રધું છે. જેમના પેરન્ટ્સ, દાદા-દાદી, કાકા-ફોઇ, માસી-માસા કે ભાઈ-બહેનને ગ્લુકોમાની હિસ્ટરી હોય તેમણે આ બાબતે આંખો ખોલી નાખવી. આ લોકોને ગ્લૉકોમા થવાનું જોખમ નોર્મલ લોકો કરતાં દસગણું રધારે હોય છે. તેમણે ૪૦ વર્ષની વય પછીથી નિયમિતપણે આઇ ચેક-અપ કરાવતા રહેવું જોઇએ. વિઝનમાં સહેજ પણ ધૂંધળાપણું કે પૅચિસ જણાતા હોય તો તરત નિષ્ણાત પાસે તપાસ કરાવવી.'

## અસરકારક સારવાર

ગ્લુકોમા એ કર્યોરેબલ ડિસીઝ નથી, પરંતુ જો વહેલું નિદાન થઇ જાય તો મૅનેજેબલ જરૂર છે. ડૉ.વૈશલ કહે છે, 'જેમ તમે બ્લડ-પ્રેશર નૉર્મલ રાખવા માટે દવાઓ અને ડાયટમાં ધ્યાન રાખો છો એમ આઇ પ્રેશર પણ નૉર્મલ રાખવા માટે ડ્રોપ્સ અને થોડીક કાળજી જરૂરી છે. એનાથી લાંબા ગાળા સુધી આંખને કોઇ જ તકલીફ નથી થતી. ઑપ્ટિક નર્વ ડૅમેજ ન થાય તો વિઝનને કોઇ જ તકલીફ નથી થતી. આંખનું પ્રેશર ૧૦ થી ૧૨ જેટલું રહેવું જોઇએ. એ મેઇન્ટેન કરવા માટે હવે તો સર્જિકલ ઑપ્શન્સ પણ આવી ગયા છે. એ પણ ઘણી અસરકારક છે.'

સૌથી પહેલાં તો એ સમજવું જરૂરી છે કે ગ્લુકોમા બને ત્યાં સુધી દવાઓનાં ટીપાં દ્વારા જ આંખનું પ્રેશર જળવાયેલું રહે એવા પ્રયત્નો કરવામાં આવે છે. એ પછી માઇલ્ડ, મૉડરેટ કે ઍડવાન્સ સ્ટેજને આધારે સર્જરી સજેસ્ટ કરવામાં આવે છે. એમ જણાવતાં ડૉ.વૈશલ કેનિયા કહે, 'સર્જરીમાં પણ એક જ હેતુ હોય કે જેને કારણે આંખમાં પ્રેશર ડેવલપ થઇ રહ્યું છે એને બાયપાસ કરીને ફ્લુઇડનો બીજા નિકાલનો માર્ગ કરવામાં આવે. સર્જરી પહેલાં ઑપ્ટિક નર્વ ઍનૅલેસિસ ટેસ્ટ પણ કરીએ જેથી સારવારની અસર થશે કે નહીં એ જાણી શકાય, પ્રવાહી એકઠું થવઆને કરાણે થતું પ્રેશર બીજા માર્ગે નિકાસ થાય એ પ્રક્રિયા ટ્રેબેક્યુલેક્ટૉમીમાં કરવામાં આવે. એથીયે વધુ ઍડ્વાન્સ સ્ટેજમાં ગ્લૉકોમા વાલ્વ પણ મૂકી શકાય છે. અલબત્ત, વાલ્વની સર્જરી મોંઘી પણ વધુ છે. જયારે પ્રેશરમાં વધારો કે વટાડો થાય ત્યારે આ વાલ્વ દ્વારા એ નિયંત્રણ થાય છે. અલબત્ત, તરદીને કઇ ટ્રીટમેન્ટ સૂટ થશે એની પસંદગી સર્જ્યનને જ કરવા દેવી જોઇએ અને એ અનુભવી સર્જ્યન કરે એ જ બેટર છે.'

## પ્રિવેન્શન શક્ય નથી...

ગ્લુકોમા ન થાય એ માટે કંઇ થઇ શકે એમ નથી કેમ કે મોટા ભાગના ઝારમના કેસમાં વારસાગત કારણો સંકળાયેલાં હોય છે એમ જણાવતાં ડૉ.વૈશલ કેનિયા કહે છે, 'જેમ બ્રેસ્ટ-કૅન્સર માટે ખાસ જીન છે, જેની હાજરી હોવાથી એ કૅન્સરનું રિસ્ક વધુ મનાય છે એનું ગ્લુકોમા માટે કયું જનીન છે એ આઇડેન્ટિફાય નથી થયું. વહેલું નિદાન એ બ્લાઇન્ડનેસ પ્રિવેન્ટ કરવા માટે બહુ જ જરૂરી છે. ઘણી વાર જીન મ્યુટેશન પહેલા તબક્કામાં હોય ત્યારે પણ ગ્લૉકોમા થઇ શકે છે. એ ઉપરાંત સેકન્ડરી કારણોસર પણ ઝામર થાય. જેમ કે મોતિયો ફાટી જવાને કારણે પ્રેશર વધી જાય. આંખમાં સોજો આવે કે ઇન્ફેકશન થયું હોય, ઇન્ટરનલ બ્લીડિંગ થાય કે મોતિયાના ઑપરેશન પછી અચાનક ક્યારેક પ્રેશર વધી જાય. જોકે આ બધા સંજોગોમાં પ્રેશર વધવાનું કારમ દૂર કરવામાં આવે તો એ સમસ્યા કયૉર થઇ પણ જાય. જોકે એ વખતે પણ નિદાન વહેલું થાય અને નર્વ ડૅમેજ ન થઇ હોય એ ક્રાઇટેરિયા એટલા જ મહત્ત્વના છે.'

**-સૌજન્યઃ મિડ-ડે માંથી**

## ત્રેવીસ (૨૩)મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. જસુમતીબેન ઝવેરીલાલ કોરડિયા

**સ્વર્ગવાસ : કારતક સુદ-૧૪, તા.૧૯-૧૧-૨૦૦૨**

**મૂળવતન : ખારચીયા (વાકુંના), હાલ : બોરીવલી, મુંબઈ**

**હૃદય અમારા રડી પડે છે, જોઈ તસવીર આપની**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની**
**હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી**
**સમતા અને મમતા નમતા અને ખમતા સહનશીલતા**
**અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં**

પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...

પુત્ર તથા પુત્રવધુઓ

મીના યોગેશ કોરડિયા તથા પૌત્ર : અભય

સોનલ નિલેશ કોરડિયા તથા પૌત્ર : તારણ

પૂજા કમલેશ કોરડિયા તથા પૌત્ર : કૃણાલ અને પૌત્રી : કેલી

પુત્રી : પ્રીતિ નિતીનકુમાર

દોહીત્ર : કેવીન - દોહીત્રી : આશ્વી

**હ. ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડિયા**

Kayami - November

# એક સમજુ પિતાનો જગતના તમામ સંતાનોને કાગળ

**વ્હાલા દિકરા / દિકરી,**

**કુશળ હશે..**

આ પત્ર હું તને ૩ કારણો સર લખું છું...!

જીવન, નસીબ અને મૃત્યુ કોઇ જાણી શક્યું નથી.

તો અમુક વાત જરૂરી છે કે વહેલા માં વહેલી જ કહી દેવાય...!

હું તારો પિતા છું અને આવી વાત જો હું નહિ કહું, તો તને કોઇ જ નહિ કહી શકે...!

આ બધી વાત હું મારા અનુભવ થી કહું છું અને જો હું નહિ કહું, તો પણ તું તારા જીવનમાં શીખીશ જ..

પણ ત્યારે તને વધુ તકલીફ પડશે અને કદાચ સમય પણ નહિ હોય...

જીવન સારું ને શાંતિ થી જીવવા આટલું જરૂર કરજે...!

૧) જો કોઇ તારી સાથે સારો વ્યવહાર ના કરે, તો મન માં દુઃખ ના લાવીશ...

તારી સાથે સારી રીતે વર્તવાની ફરજ ફક્ત મારી અને તારી મમ્મીની જ છે...

બાકી દુનિયાનો કોઇ પણ વ્યક્તિ તને દુઃખ આપી શકે છે...

તો એના માટે માનસિક રીતે હંમેશા તૈયાર જ રહેજે...

કોઇ પણ તારી સાથે સારું વર્તન કરે, તો એનો આભાર વ્યક્ત કરવો...

પણ હંમેશા સાવચેત રહેવું...

આ દુનિયામાં મારા અને તારા મમ્મી સિવાય બધાના સારા વ્યવ્હાર પાછળ કોઇ હેતુ/સ્વાર્થ પણ હોઇ શકેછે...

ઉતાવળમાં કોઇ ને પણ સારા મિત્ર ના માની લેવા...!

૨) દુનિયા માં કોઇ પણ એવી વસ્તુ નથી કે જેના વગર જીવી ના શકાય...

આ વાત ને ખાસ કામ લાગશે, જયારે કોઇ તરછોડી દેશે કે તારી પસંદની વ્યક્તિ કે વસ્તુ તને નહિ મળે...

જીંદગી ચાલ્યા જ કરે છે અને બધી જ વસ્તુઓ કે વ્યક્તિઓ વગર ખુશ રહેતા શીખી લેજે...!

૩) જીંદગી ટૂંકી છે...

જો તું આજનો દિવસ વેડફીશ, તો કાલે તને જીંદગી પૂરી થતી લાગશે...

તો જીંદગીના દરેક દિવસ - દરેક પળનો સદુપયોગ કરજે...!

૪) પ્રેમ એ બીજું કાંઇ જ નથી, પણ એક બદલાતી લાગણી જ છે...

જે સમય અને સંજોગો સાથે બદલાતી રહે છે...

જો તારો પ્રેમ તને છોડી જાય, તો સંયમ રાખજે... સમય દરેક દર્દ ને ભુલાવે જ છે...

કોઇની સુંદરતા અથવા પ્રેમમાં જરૂરત કરતાં વધુ ડૂબી ના જવું... અને કોઇ ના દુઃખ માં પણ જરૂર કરતા વધુ પરેશાન ના થાવું...!

૫) અભ્યાસમાં ઘણા નબળા માણસો પણ જીવનમાં સફળ બન્યા છે... પણ એનો મતલબ એ નથી કે અભણ કે અભ્યાસ માં નબળો માણસ સફળ જ થાય...

વિદ્યા થી વધુ કશું જ નથી...

ભણવા ના સમયે ધગશ થી ભણજે...!

૬) હું નથી ઇચ્છતો કે નથી આશા રાખતો, કે તું મને મારા વૃદ્ધ સમયમાં મદદ કરે... અથવા હું પણ તને આખી જીંદગી સહારો આપી શકીશ કે નહિ તે પણ મને ખબર નથી...

મારી ફરજ તને મોટો કરીને, સારું ભણતર આપીને પૂરી થાય છે... એ પછી તું દુનિયાની મોંઘી ગાડીઓ માં ફરીશ કે પછી સરકારી બસમાં ફરીશ... એ તારી મહેનત અને આવડત ઉપર નિર્ભર છે...!

૭) તું તારું વચન હમેંશા પાળજે. પણ બીજા એમનું વચન પાળશે જ એવી આશા નહી રાખતો. તુ સારુ કરજે...

પણ બીજા સારું જ કરશે એવી આશા પણ ન રાખતો...

જો આ વાત તને વહેલી સમજાઇ જશે, તો તારા જીવનના મોટા ભાગના દુઃખ દૂર થઇ જશે...!

૮) જીવનમાં એમ નસીબ થી જ અમીર થઇ જવાતું નથી... એના માટે ખૂબ મહેનત કરવી પડે છે.

તો મહેનત થી કોઇ દિવસ ભાગતો નહિ...!

૯) જીવન ખૂબ જ ટૂંકું છે અને કાળનો કોઇ જ ભરોસો નથી.

તો જેટલો વધુ સમય આપણે સાથે વિતાવી શકીએ, તેટલો સમય પરિવાર સાથે વિતાવી લઇએ...

કારણ કે આવતો જન્મ તો આવશે જ...

પણ એ જન્મ માં આપણે મળશું કે નહિ તે ખબર નથી...

તો આ જન્મ માં વધુ માં વધુ સમય પરિવાર સાથે વિતાવજે...!



# ૩૬ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. વૃજકુંવરબેન ચુનિલાલ મહેતા

**સ્વર્ગવાસ : કારતક વદ ૧૧, તા. ૨૩-૧૧-૧૯૮૯**

સરવાણી વહે નિત્ય જ્યાં સ્નેહની મમતા હોય સર્વત્ર જ્યાં સમભાવની

પ્રેમ, સ્નેહ અને કરુણાના સાગર જેવા અમારા

મંગલમૂર્તિ વહાલસોયા માતુશ્રીએ સરળતા અને સહજતાથી જીવન જીવીને

અમારા જીવનનું ઘડતર કર્યું હતું અને અમને શ્રેયના પંથે દોર્યા હતા.

તેમનું તર્પણ સદૈવ અમારા હૈયે રહેશે.

અમારું સ્વર્ગ અમારી માતાના ચરણોમાં.

પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે.

સમસ્ત મહેતા પરિવાર

-: સૌજન્ય :-

**પ્રમોદકુમાર ચુનિલાલ મહેતા**

બી-૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, ૭મા માળે, કરાણી લેન,

ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.

**મોબાઈલ : ૯૨૨૪૪૨૭૮૯૯**

Kayami - November

# સ્વનિર્ભર, સ્વાવલંબી, સ્વમાનભેર આનંદથી જીવન જીવો, આજના આધુનિક યુગલોને સમર્પિત

કમળાએ પતિને કહ્યું, એકલા રહેવા કરતા ત્યાનું ઘર વેચી, અમારી સાથે આવી જાવ, આમેય તમારી ઉંમર થઇ છે, અમને પણ કંપની રહેશે અને તમે સચવાઇ જશો. આવો ફોન બેંગ્લોરથી દેવાંગ અને તેની પત્ની ડિમ્પલનો હતો. મારા કાનથી હું સાંભળતો હતો પણ મેં કમળાને કોઇ પ્રત્યુતર ન આપ્યો. હું છાપું શાંતિથી વાંચતો રહ્યો.

હું તમારી સાથે વાત કરું છું. કમળા અકળાઇ થોડા ઊંચા અવાજે બોલી.

મેં ફક્ત કીધું હુઊંઉઉ... સાંભળ્યું... તો !

તો શું દીકરો પરણાવી મને થયું ચલો હવે શાંતિથી તૈયાર માલે જમવાનું મળશે, લાલાની પૂજા કરીશ, માળા ફેરવીશ, તમારી સાથે ગપ્પા મારીશ, પણ તમારી જીદને કારણે જ આપણે બેંગ્લોર દેવાંગને ત્યાં જતા નથી. અહીં શુ દાટ્યું છે તમારું ?

મેં છાપું બાજુ ઉપર મૂક્યું અને કહ્યું અને ગાંડી શાંત પાણીમાં પથરા નાખીએ તો વમળ ઉભા થાય, દૂરથી ડુંગર રળિયામણા.. આપણા બન્નેનો ખોરાક કેટલો ?

બન્ને વચ્ચે એક ટિફિન મંગાવીયે છીએ, તો પણ વધે છે. કાયમ માટે ટિફિન બંધાવી લે, કામવાળાનું કેટલી વખત કીધું. રૂપિયા બચાવી ગળે બાંધી જવું છે મારે ... આનંદ કર અને બેંગ્લોર જવાની વાત ભૂલી જા.

કમળા લાગણીશીલ થઇ બોલીઃ

હવે છોકરાઓ સાથે રહેવાનો સમય છે. દેવાંગનો છોકરો દાદા દાદા કરે, મને દાદી કરે, કેવું સારું લાગે, સવારે ઉભા થઇએ ત્યારે ચા નાસ્તો તૈયાર મળે. જમવાનું પણ તૈયાર મળે, હું તો થાકી આ ઘર કામ કરી ને...

હું હસી પડ્યો..,

એ બોલી તેમા હસવાનું શું છે ?

કંઇ નહિ.. તું કેટલી ભોળી છે.

તમે કટાક્ષ કરો છો ? કમળા બોલી..

ના ડાર્લિંગ.. અપેક્ષાઓ જયારે પુરી ન થાય ત્યારે એ વ્યક્તિમાં અવગુણ જોવાના ચાલુ થાય. અવગુણ દેખાય એટલે તેની સીધી અસર આપણા વાણી વર્તન વ્યવહાર ઉપર પડે. તારી ઇચ્છા હોય તો હું સાથે આવું.

બાકી મારી ઇચ્છા નથી.

હા, એક વાત કહી દઉ, કોઇ પણ સંજોગમાં આપણા બન્નેની હાજરીમાં આ ઘર વેચવાનો પ્રયત્ન કરવો નહીં. આ સ્વમાનનો આપણો ઓટલો છે. રોટલો મળી રહેશે પણ ઓટલો નહિ મળે. એટલે ઘર વેચવાની વાત સાથે હું સંમત નથી.

અંતે કમળાની જીદ સામે હું ઝુકયો. અમે સામાન પેક કર્યો, સાથે સુખ દુઃખના સાથી એવા લાલાની પૂજા પણ મેં લીધી. ઘરને તાળું માર્યું. મેં કમળાના હાથમાં ચાવી આપતા કીધું, કમળા તાળું તારા કહેવાથી ઘરને મારું છું. પણ જયારે પરત આવીયે ત્યારે તાળું તારે ખોલવાનું રહેશે.

કમળા પુત્રપ્રમેમાં ઘેલી હતી. એ મારા કહેવાનો અર્થ સમજી શકી નહિં.

બેંગ્લોર રેલ્વે સ્ટેશને અમે પહોચ્યા. સ્ટેશન ઉપર દેવાંગને ન જોતા, કમળાએ મોબાઇલ કર્યો તો એડ્રેસ વોટ્સએપ થી મોકલી આપ્યું.

આ પહેલો અનુભવ, શરૂઆત હતી. હું દેવાંગનો બાપ હતો તેની માઁ કરતા હું તેને વધારે જાણતો હતો. મેં બાપ તરીકે મર્યાદા રાખી હતી. હું જેટલો બહારથી કડક હતો તેટલો અંદરથી માખણ જેવો નબળો હતો. આંસુની કિંમત હું સમજતો હોવાથી મેં લાગણી અને આંસુ વચ્ચે 'બંધ' બાંધ્યો હતો. અમે ઘરે પહોંચ્યાં એટલે ઘરની બારીમાંથી ડાઘીયો કુતરો ભસવા લાગ્યો. મેં બેલ માર્યો એટલે સ્વીટુને સાચવવાવાળી બાઈએ ઘર ખોલ્યું.

કમળાએ પૂછ્યું દેવાંગ કયાં છે ?

એ બન્ને તો રાત્રે આઠ પછી આવે છે.

અમે આવવાના છીએ ખબર હોવા છતાં આવું વર્તન વ્યવહાર મને વિચિત્ર લાગ્યું !

કમળાએ મારી સામે જોયું.

મેં નજર અંદાજ કરી, સ્વીટુને તેડી લીધો, બેટા જો તારા દાદા દાદી આવ્યા, સ્વીટુને અજાણ્યું લાગ્યું એ રડવા લાગ્યો. મેં સ્વીટુને પરત કર્યો.

હોટલની જેમ અમને રૂમ ફાળવવામાં આવ્યો. ડિમ્પલે મોબાઇલ ઉપર આપેલ સૂચના પ્રમાણે અમે ફ્રિજમાંથી રસોઇ બહાર કાઢી જાતે જમી લીધા.

સાંજે દેવાંગ અને ડિમ્પલ આવ્યા, પગે લાગ્યા..

લાગણીના ફુવારા છૂટયા.. હું તો બધું જાણતો હતો.

વ્યક્તિને ઓળખવાની કળા મારામાં ઇશ્વરે આપી હતી છતાં મોઢું હસતું રાખી હું આ રમત જોતો રહ્યો.

ધીરે ધીરે દિવસે, મહિના પસાર થવા લાગ્યા. મને ઘર યાદ આવતું હતું. મેં પણ નિર્ણય લીધો હતો. કમળાને મન ભરી ધરાઇ જવા દે.

એ થાકવી જોઇએ પછી જ અહીંથી જવું છે.

સવારની ચા દેવાંગ અને ડિમ્પલ સાથે પીવાની અમે આશા રાખી હતી. પણ ડિમ્પલ ટેબલ ઉપર સવાર સાંજનું શાક સમારવા દરરોજ કમળા સામે મૂકી દે, વોશિંગ મશીનની જવાબદારી, દોરી ઉપરથી કપડાંને કબાટમાં ગોઠવવાની જવાબદારી, સવારે બેલ વાગે એટલે દૂધ લેવાની જવાબદારી, આવી નાની મોટી ઘણી જવાબદારીઓ અચાનક કમળા ઉપર ડિમ્પલ અને દેવાંગ નાખવા લાગ્યા.

એ તો પાછળથી ખબર પડી આટલો પ્રેમના ઉભરો અચાનક કેમ અમારા તરફ હતો સ્વીટુને સાચવવાવાળી બાઈ બે મહિના રજા ઉપર જવાની હતી. કમળાનું મોઢું જે સવારે હસતું રહેતું એ અત્યારે ઉઠે ત્યારથી દિવલ પીધેલ મોઢે ઉભી થતી. શું સ્વપ્નાં સાથે આવી હતી અહીં... તૈયાર માલે સવારનો ચા નાસ્તો મળશે, જમવાનું તૈયાર માલે ટેબલ ઉપર મળશે..

સ્વીટુ દાદા-દાદી સાથે રમશે. અહીં તો કામવાળી બાઇ જેવી દશા કમળાની થઇ ગઇ હતી. પણ કમળા ફરિયાદ કરે કોને ? અહીં આવવાનો નિર્ણય જીદ કરીને કમળાએ જ લીધો હતો..!

એક દિવસ દેવાંગ અને ડિમ્પલ બે દિવસ માટે બહાર ગયા. સ્વીટુને સાચવવા બાઈ બે મહિનાની રજા ઉપર હતી. પાછા આવ્યા ત્યારે તેના પાળેલ કૂતરાએ ઘર બગાડી નાખ્યું હતું. અમને બાળકો ઉછેરવાનો અનુભવ હતો, કૂતરા પાળવા કે ઉછેરવાનો અનુભવ કયાંથી હોય ? કમળા ઘર સાચવે ? સ્વીટુને સાચવે કે પછી તેના કૂતરાને ? કળિયુગ છે. માઁ બાપને સાચવી શકતા નથી અને કૂતરા સાચવવાનો શોખ જાગ્યો છે.

ડિમ્પલ અચાનક ઘર જોઇ કમળા ઉપર બગડી. એ કહે તમારે બધું સાફ સફાઇ કરી નાખવું જોઇએ. આવું ઘર થોડું રાખી મુકાય ? કમળા શાંતિથી ડિમ્પલની તોછડાઇ સાંભળતી રહી. દુ:ખ એ વાતનું હતું, હાથમાં બંગડી પહેરીને બેઠો હોય તેમ દેવાંગ ડિમ્પલને આવી રીતે મમ્મી સાથે વાત ન કર.. તેવો ઠપકો પણ આપતો નથી.

હવે મને થયું બાજી મારે હાથમાં લેવી પડશે. બેઇજ્જતીની પણ કોઇ હદ હોય. મારી પત્નીનું અપમાન એ મારું અપમાન બરાબર જ કહેવાય.

એ દિવસે, રાત્રે બેડરૂમમાં કમળા મારા ખભે માથું મૂકી ખૂબ રડી, મેં પૂછ્યું ઘરે જવું છે ? તે નાના બાળકની જેમ રડતા રડતા માથું હલાવી હા પાડી. મેં એક મિનિટનો પણ વિચાર કર્યા વગર ઓન લાઇન પ્લેનની ટિકિટ બુક કરાવી કમળાને કીધું. કાલ સાંજની પ્લેનની ટિકિટ છે. ઉભી થા અને સામાન પેક કર. કમળાનો મોહ ભંગ થયો હતો. મિનિટનો પણ વિચાર કર્યા વગર સામાન પેક કરવા લાગી. બીજે દિવસે સવારે ચા પીતા પીતા, મેં દેવાંગને કીધું, આજ સાંજની અમારી પ્લેનની ટિકિટ છે. આમ અચાનક ?

તમારે અમને પહેલેથી જાણ તો કરવી જોઇએ ? ઝીણી આંખ કરી દેવાંગ બોલ્યોઃ ત્યાં ડિમ્પલ બોલી, સ્વીટુને કોણ સંભાળશે

મેં કિધું, એ તમારો વિષય છે અમારો નહિં.

દેવાંગ સામે જોઇ મેં કીધું બેટા અમે અહીં આવવાના હતા એ તને જાણ કરી હતી. શું ફાયદો થયો અમને ? જાતે જ અમારે તારા ઘરે આવવું પડ્યું

આજે સાંજે પણ જેવી રીતે અમે આવ્યા તેવી રીતે ટેક્ષી કરી પરત જતા રહેશું. તારે ચિંતા કરવાની જરૂર નથી. બાકી એક વાત તમે બન્ને કાન ખોલી સાંભળી લ્યોઃ

તારો બાપ કદી લાચાર હતો નહિ, લાચાર છે નહીં, અને ભવિષ્યમાં પણ લાચાર બનશે નહિં. મારી જિંદગી મારી રીતે જીવતા પણ આવડે છે અને તેને સમાપ્ત કરતા પણ આવડે છે.

અહીં તમારા કૂતરા બિલાડા સાચવવા અમે આવ્યા છીએ ? તારા માઁ બાપ છીયે ગુલામ નહિં. બોલવામાં સભ્યાતા રાખો. મૌનનો મતલબ મજબૂરી નથી. અમને અમારું જીવન સ્વમાનથી કેમ જીવાય એ આવડે છે. આતો તારી માઁનો આગ્રહ હતો એટલે હું આવ્યો સમજયો.

ઘરડા માઁ બાપને સાચવવાને બદલે સવારથી સાંજ ઘરની જવાબદારીઓ માથે નાખી જતા રહેતા શરમ નથી આવતી તમને ?

કમળાએ અશ્રુભિની આંખે મને શાંત પાડ્યો.

સાંજે દુ:ખી હૈયે અમે બન્ને બેંગ્લોરથી પ્લેનમાં બેઠા. કમળા આંખ બંધ કરી સીટમાં બેઠી હતી. આંખમાંથી આંસુ ટપકતા હતા. બાપડી કેટલા અરમાનો સાથે બેંગ્લોર આવી હતી. મારી આંખ પણ કમળાની હાલત જોઇ ભીની થઇ ગઇ. અમે ઘરે પરત ફર્યા.

મે ઘરના તાળાની ચાવી કમળાના હાથમાં આપતા કીધું લે કમળા ઘરને તાળું તારા કહેવાથી મેં માર્યું હતું. હવે ઘરનું તાળું તારી ઇચ્છાથી ખોલ. કમળાએ પ્રથમ ઘરની ચાવીને પપ્પી કરી પછી અચાનક મને ભેટી રડી પડી અને બોલી 'હોમ સ્વીટ હોમ' મેં કીધું દુનિયાનો છેડો ઘર છે, કમળા, ગુલામીના મિષ્ટાન કરતા આઝાદીનો સૂકો રોટલો વધારે મીઠો લાગે. એવો સોનાના પાંજરા શું કામના જયાં તમે પાંખ પણ ફફડાવી ઉડી ન શકો ?

હવેથી ઘરમાં બે સમય ટિફિન આવશે. અને ઘરનું કામ પણ રૂપિયા આપી કરાવી લેવાનું છે. રૂપિયા આપણી જાત માટે અને આનંદ માટે હવેથી વાપરવાના છે. હું અચાનક નીચે વળ્યો કમળા કહે શું શોધો છો ? મેં હસીને કીધું, તને યાદ છે તે મને કીધું હતું ને અહીં તમારું શું દાટ્યું છે ? કમળા અહીં મેં દાટ્યું છે શાંતિ, સ્વમાન, સલામતી અને આધ્યાત્મિક આનંદ જે તને કયાંય નહીં મળે.....એક વાત યાદ રાખજે..

આવ નહિ આવકાર નહિ, નહિ નયનના નેહ તે ઘર કદી ના જઇએ, ભલે કંચન વરસે મેહ, કમળા ફરી મને વળગી પડી અને બોલી મારું વૃન્દાવન છે રૂડું વૈકુંઠ મારે નથી જવું.

ઢોર સાથે રહીયે તો ઢોરને પણ આપણી માયા થઇ જાય છે. એક મનુષ્ય જ બે પગ વાળું જાનવર છે જે સ્વાર્થ પૂરો થતાં જ જાનવરને પણ શરમાવું પડે એવી હરકતો કરે છે !

આધુનિક યુગલાના ચરણોમાં સમર્પિત...

# સોરઠ વામા વૃંદ દ્વારા પ્રથમ સફળ રક્તદાન શિબિરનું આયોજન

**તારીખ : ૧૨ ઓકટોબર, ૨૦૨૫ સ્થળ : પાવનધામ, કાંદિવલી**

સોરઠ વામા વૃંદ દ્વારા ૧૨ ઓકટોબર, ૨૦૨૫ના રોજ એક વિશેષ રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ માનવ જીવન બચાવવાના મહાન કાર્યમાં યોગદાન આપવાનો હતો.

આ પ્રસંગે સમાજના અનેક સભ્યો, યુવા સ્વયંસેવકો તથા આસપાસના વિસ્તારોના દાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કેમ્પનું આયોજન માનસ સિરોલોજિકલ ઇન્સ્ટિટ્યૂટ બ્લડ સેન્ટરના સહયોગથી કરવામાં આવ્યું હતું. જ્યાં તમામ વૈદ્યકીય નિયમો અને સુરક્ષા ધોરણોનું કડક પાલન કરવામાં આવ્યું હતું. અનુભવી ડોકટરો, નર્સો અને ટેક્નિશિયનની ટીમે રક્ત સંગ્રહ અને પરીક્ષણની પ્રક્રિયાની દેખરેખ રાખી હતી.

કેમ્પ દરમિયાન કુલ ૫૦ યુનિટ રક્તનું સંગ્રહ કરવામાં આવ્યું, જે ભાગ લેનારાઓના સામાજિક જવાબદારીના ભાવને પ્રતિબિંબિત કરે છે.

દાતાઓને રિફ્રેશમેન્ટ, પ્રશંસાપત્ર અને આરોગ્ય તપાસણીની સુવિધા આપી તેમના નિઃસ્વાર્થ યોગદાન માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગનું ઉદ્ઘાટન આપણા માનનીય મુખ્ય અતિથિ -

શ્રીમતી શિલ્પાબેન પ્રદીપભાઈ શાહ (સોરઠ સમાજ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત માનનીય ગેસ્ટ ઓફ ઓનર્સ તરીકે હાજર રહ્યા

- શ્રી સંજય ઉપાધ્યાય - ધારાસભ્ય (બી.જે.પી.)
- શ્રી ગોપાલ શેટ્ટી - સામાજીક કાર્યકર (બી.જે.પી.)
- શ્રી પ્રવિણ શાહ - કોર્પોરેટર
- શ્રીમતી બીનાબેન દોશી - કોર્પોરેટર

તેમણે સોરઠ વામા વૃંદના માનવતાવાદી કાર્ય અને સમાજ કલ્યાણ માટેના સતત પ્રયત્નોની પ્રશંસા કરી હતી. આ અવસરે આયોજકો સૌ દાતાઓ અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો, જેઓના સહકારથી આ કાર્યક્રમ ભવ્ય સફળતા પ્રાપ્ત કરી શકયો. તેમણે નિયમિત રક્તદાનના મહત્ત્વ પર ભાર મૂક્યો અને ભવિષ્યમાં આવ વધુ જીવદાયી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા સૌને પ્રોત્સાહિત કર્યા.

શિબિરનું સમાપન એકતા, કરૂણા અને સેવા ભાવનાના સંકલ્પ સાથે થયું, જેમાં સૌએ ભવિષ્યમાં પણ આવી માનવતામૂલક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી.

**कांदिवली के रक्तदान शिविर में पूर्व सांसद गोपाल शेट्टी ने की शिरकत**



**संवाददाता कांदिवली** = सौराथ वामा वृन्द के तत्वावधान में प्रीति वासा तथा उनकी उत्साही टीम द्वारा विशाल पैमाने पर रक्तदान शिविर का आयोजन किया गया। कांदिवली में महावीर नगर स्थित पावन धाम परिसर में आयोजित इस रक्तदान शिविर में मुख्य अतिथि के रूप में उत्तर मुम्बई के पूर्व सांसद गोपाल शेट्टी उपस्थित हुए और आयोजकों तथा रक्तदान करने वाले सभी नागरिकों का हौसला बढ़ाया।

जनसेवक गोपाल शेट्टी ने इस अवसर पर रक्तदान करनेवाले सभी नागरिकों को प्रमाण पत्र प्रदान करते हुए भविष्य में भी समय-समय पर रक्तदान करते रहने की अपील भी की ताकि जरूरतमंदों का जीवन बचाया जा सके।

DIGITAL

**सौराष्ट्र टी वी न्यूज़**

**हर खबर पर नजर**

email- saurashtratv@gmail.com

**कांदिवली के रक्तदान शिविर में पूर्व सांसद गोपाल शेट्टी ने की शिरकत...**





# વામાવૃંદ આયોજીત રક્તદાન શિબીર












# વામાવૃંદ આયોજીત રક્તદાન શિબીર

















# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

: જન્મ :
૦૭-૦૭-૧૯૩૯



: અરિહંત શરણ :
૧૪-૧૦-૨૦૨૫

## સ્વ. શરદભાઈ તારાચંદ મહેતા

**મૂળ વતન : મજેવડી     હાલ : મુંબઈ**

સમગ્ર ભારત વર્ષ સોરઠ સમાજના ભીષ્મ પિતામહ આદરણીય મુરબ્બી શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતાના પનોતા સુપુત્ર શ્રી શરદભાઈ તારાચંદભાઈ મહેતાના દેહાવસાનથી શ્રી સોરઠ તેમજ અન્ય સમાજ પણ ઘેરા શોકની તીવ્ર લાગણી અનુભવી રહ્યા છે.

તેઓશ્રીએ મહેતા પરિવારની જાહોજલાલી, ખાનદાની અને વિશિષ્ટ દાન ભાવનાની પ્રણાલીને જતનપૂર્વક જાળવી રાખેલ હતી.

સરળ, નિર્મળ અને નિખાલસ સ્વભાવી કાર્ય દક્ષતામાં બાહોશ હતા અને સાચી સલાહ આપનારા મહામાનવ હતા.

સોરઠ સમાજને ઉન્નતિના શિખર ઉપર લઇ જવા માટે તેમણે ભગીરથ જહેમત ઉઠાવી હતી. શિક્ષણ, મેડિકલ સહાય અને સાધર્મિક વિકાસ માટે પ્રશંસનીય કાર્યો તેમના વરદ હસ્તે થયેલ જે જીવનભર સ્મૃતિમાં અંકિત થઇ ગયા છે.

આવા મહામાનવો જતા નથી ફક્ત ઓછા થતા જાય છે અને અજ્ઞાત બનીને, અદ્રશ્ય થઇને પણ સૃષ્ટિના સંચાલનમાં સર્જનહારને સહાયરૂપ થતા હોય છે.

એમના વ્યક્તિત્વને અનુરૂપ બે સુંદર પંક્તિઓ હિન્દીમાં...

रहे ना रहे हम, महेका करेंगे,
बनके कलि, बनके सबा, बागे वफाओं में।

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ - ટ્રસ્ટીઓ
શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઇ - કમિટી સભ્યો

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

: જન્મ :
૦૭-૦૭-૧૯૩૯





: અરિહંત શરણ :
૧૪-૧૦-૨૦૨૫



## સ્વ. શરદભાઈ તારાચંદ મહેતા

મજેવડી નિવાસી હાલ મુંબઈ આપણાં શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના ટોચના આગેવાન પ્રખર દાનવીર સ્વ.તારાચંદ ધનજીભાઈ મહેતાના સુપુત્ર અને પરિવારના મોભી આદરણીય શ્રી શરદભાઈ તારાચંદ મહેતા (ઉ.વર્ષ ૮૬) અરિહંત શરણ પામેલ છે. તેમનું મહેકદાર વ્યક્તિત્વ, ખૂદ મહેકીને પોતાની સુગંધથી આપણાને સૌને તરબતર કરીને અનંતની યાત્રાએ ઉપડી ગયા પરંતુ તેમના જીવન બાગના પુષ્પોનો પમરાટ આપણ સર્વેને મળ્યા કરશે.

**જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગે, હો ભલે ઉદયના પંથ ન્યારા!**
**પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દીસે, જ્યા ખીલે માત્ર શુભ સ્મરણં ક્યારા.**

સહજ–સૌમ્ય–સંવેદનશીલ–સત્યનિષ્ઠ–સ્વભિમાની–વિનમ્ર–વિદ્ધતાની પ્રતિમા એવા દાતાશ્રી શરદભાઈ આપણાં સમાજના સિધ્ધાંતવાદી, સમાજહિતકારી, અનુભવી, આગેવાન નિસ્વાર્થ ભાવના ધરાવતા હતા.

શ્રી શરદભાઈએ પિતાશ્રીના દાન, શિક્ષા, સેવા, તબીબી રાહત અને સાધનાના આ વારસાને સુપેરે જાળવી રાખીને અનેરૂં દ્દષ્ટાંત પુરૂં પાડયું છે. આવા સેવાને વરેલા એવા પ્રખર નિષ્ઠાવાન, આદર્શ માર્ગદર્શન, ઉચ્ચ વિચાર, સાદગીસભર, લાગણીશીલ સોરઠ સમાજને ધબકતું રાખનાર આગેવાન શ્રી શરદભાઈ આપણી વચ્ચે રહ્યા નથી.

સારા અને સજ્જન મહાનુભાવ ની વિદાયથી સોરઠ સમાજ નોંધારો બની શોકગ્રસ્ત થઇ ગ્લાનિ અનુભવે છે.

શ્રી શરદાભાઈના દેહવિલયથી દુ:ખ થાય તે સ્વાભાવિક છે. જીવન-મરણ એ કુદરતી ક્રમ છે. આવા પુણ્યાત્મા પરમ કૃપાળુ પરમાત્મામાં વિલીન સદગ્તના ઉચ્ચ આત્માને શાંતિ મળે.

હે નાથ! આપની ભક્તિ દ્વારા તેમને જે કંઈ પણ પુણ્ય સંચિત થયું હોય તેના ફળ સ્વરૂપે ભવાંતરમાં જૈન શાસન મળે અને આપજ પરમાત્મા તરીકે તેમને મળો એજ હૃદયપૂર્વક પ્રાર્થના.

આપશ્રી ની સમાજના દરેક મંડળોને ઘણીજ ખોટ પડી છે. તમે દરેક મંડળોના સભ્યોના હૃદયમાં છો અને રહેશો.

## ૐ શાંતિ.... ૐ શાંતિ.... ૐ શાંતિ....

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - બોરીવલી**
**શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા - પ્રમુખ**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ - કાંદિવલી**
**શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા - પ્રમુખ**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ - ઘાટકોપર**
**શ્રી ધિરેનભાઈ દેવચંદ વસા - પ્રમુખ**

**શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ**
**શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવ - ચેરમેન**

**એસ.વી.સોશિયલ સેન્ટર - (અંધેરી-બાંદ્રા)**
**શ્રી શિરીષભાઈ સાકરચંદ વસા - પ્રમુખ**

**એસ.વી. વેલફેર ફાઉન્ડેશન - (અંધેરી-બાંદ્રા)**
**શ્રી શીરીષભાઈ સાકરચંદ વસા - ચેરમેન**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન ઉત્કર્ષ મંડળ - મુલુંડ**
**શ્રી નિલેશભાઈ મહેન્દ્રભાઈ વોરા - પ્રમુખ**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - મલાડ**
**શ્રી હિમાંશુભાઈ શશીકાંત સંઘવી - પ્રમુખ**



**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - ગોરેગામ**
**શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા - પ્રમુખ**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - ભાયંદર**
**શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા - પ્રમુખ**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ - નાલાસોપારા**
**શ્રી હર્ષદભાઈ જેઠાલાલ વોરા - પ્રમુખ**



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

: જન્મ :
૦૭-૦૭-૧૯૩૯



: અરિહંત શરણ :
૧૪-૧૦-૨૦૨૫

## સ્વ. શરદભાઈ તારાચંદ મહેતા

**મૂળ વતન : મજેવડી    હાલ : મુંબઈ**

મનુષ્ય અવતારના સાદુપયોગનો શ્રેષ્ઠ મહિમા દર્શાવતું, આપનું સુગંધિત જીવન
અમારા સર્વ માટે માર્ગદર્શક પ્રેરણાસ્ત્રોત અને ઉપદેશરુપ બની રહેશે.
કુટુંબ સેવા, સમાજ સેવા અને માનવ સેવા એજ આપનો આદર્શ ધ્યેય હતો
અને તે ધ્યેયની પૂરતી તમે તન મન અને ધનથી સંપૂર્ણ પણે પુરી કરી.
તમારો શુધ્ધાત્માં ત્વરાએ મોક્ષ ગતિની પ્રાપ્તિ કરો તેવી મંગલ ભાવના સાથે

## પૂ.મુરબ્બીશ્રીને નત મસ્તકે શ્રદ્ધાંજલી

- શ્રી તલકચંદ ધનજી ડાહ્યાભાઈ હાઈસ્કુલ - મજેવડી
- માતુશ્રી ઉજમબેન ધનજી ડાહ્યાભાઈ કન્યા વિદ્યાલય - મજેવડી
- માતુશ્રી સમરતબેન તારાચંદ મહેતા - બાલ મંદિર મજેવડી
- શ્રી શ્વે.મૂ.પૂ.તપગચ્છ જૈન સંઘ - મજેવડી
- શ્રી મોહનલાલ ધનજી ડાહ્યાભાઈ મહેતા જૈન ઉપાશ્રય ટ્રસ્ટી મંડળ - મજેવડી
- માતુશ્રી સમરતબેન તારાચંદ મહેતા - જુઠ્ઠા વસ્તા કમ્યુનિટી ભવન - મજેવડી
- શ્રી વિશાશ્રીમાળી નાત - મજેવડી
- શ્રી જુઠ્ઠા વસ્તા પરિવાર - મજેવડી
- શ્રી ગ્રામ પંચાયત - મજેવડી
- સમસ્ત ગ્રામજનો - મજેવડી
- શ્રી સહકારી મંડળી - મજેવડી

# ભાવભીની શ્રદ્ધાંજલી



**શ્રી શરદભાઈ તારાચંદભાઈ મહેતા**

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૦૭/૦૭/૧૯૩૯ | ૧૪/૧૦/૨૦૨૫ |

આપણાં સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના મોભી, દાનેશ્વરી એ સ્વબળે અને પ્રારબ્ધ વડે સફળતા હાસલ કરી. સમાજના પરિવારોના હિતેચ્છુ **શ્રી શરદભાઈ તારાચંદભાઈ ધનજીભાઈ મહેતા** એ અનેક કાર્યો દ્વારા અવિસ્મરણીય સ્મૃતિથી પોતાનું નામ અમર બનાવ્યું છે.

એમના જીવનમાં વણાયેલા પરોપકાર, પરાયણતા, નિખાલસતા, નિડરતા, નિમર્ળતા વગેરેના કારણે જે જે કાર્યો હાથમાં લેતા તે કાર્યોને અદ્ભુત સ્વરૂપે પૂર્ણ કરવાં ઉર્જા ભરેલી કાબેલિયત ધરાવતા હતા.

તેઓ સમાજ પ્રેમી, સમર્પિત વ્યક્તિત્વ, વિચારધારાઓ, માનવીય મૂલ્યો, વિનય, સામાજીક આર્થિક વિકાસ અંગે વિચારસરણી ધરાવતાં હતા. તેમનાં ધ્યેય સમાજના મધ્યમ વર્ગને મદદ રૂપ બનવાનો હેતુ હતો જેથી તેઓ ન્યુનતમ જીવન ધોરણ પ્રાપ્ત કરી શકે.

તારાચંદ બાપાએ સાયનમાં લાયન હોસ્પીટલ ચાલતી હતી તેને વિકસાવવા માટે લાયન તારાચંદ બાપા હોસ્પિટલ અને રિસર્ચસેન્ટરરમાં મોટુ યોગદાન આપી તેનો વિકાસ કર્યો, તે આપણે બધા જાણીએ છીએ.

શુભેચ્છક મિત્ર મંડળમાં તેમના કુટુંબીજનોએ તેમના પૂજ્ય પિતાશ્રીના નામે શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી સહાય કાયમી રાહત ફંડમાં યોગદાન આપેલ છે આજે પણ આપી રહ્યા છે. શ્રી હરકીશનભાઈ, શ્રી શરદભાઈ, શ્રી ચદ્રકાંત ભાઈનું અમોને મેડિકલ બાબતમાં માર્ગદર્શન મળ્યા કરતું હતુ.

શ્રી શરદભાઈ આપણા સમાજના સિદ્ધાંતવાદી, સમાજહિતકારી, અનુભવી આગેવાન નિસ્વાર્થ ભાવના ધરાવતા હતા.

શુભેચ્છક મિત્ર મંડળમાં ચાલતી અનાજ વિતરણ યોજના, આર્થિક સહાય યોજનાની શ્રી શરદભાઈએ પિતાશ્રીના દાન, શિક્ષા, સેવા અને સાધનાના આ વારસાને સુપેરે જાળવી રાખીને દૃષ્ટાંત પુરુ પાડ્યું છે. આવા સેવાને વરેલા એવા પ્રખર નિષ્ઠાવાન સોરઠ સમાજને ધબકતું રાખનારા આગેવાન આવા અનેક વિવિધ ગુણોના ધારક શ્રી શરદભાઈ એ આપણી વચ્ચેથી વિદાય લિધી.

એમના કુટુંબમાં આવી પડેલ આ ઘટનાને સહન કરવાની શક્તિ આપે,

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગત્ના ઉચ્ચ આત્માને શાંતિ મળો.

હે નાથ ! આપની ભક્તિ દ્વારા તેમને જે કાંઈ પૂણ્ય સંચિત થયું હોય તેના ફળ સ્વરૂપે ભવાંતરમાં જૈન શાસન મળે એ જ હૃદય પૂર્વક પ્રાર્થના...

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

પ્રમુખ – શ્રી શશીકાંત ગિરધરલાલ વોરા    ઉપપ્રમુખ – શ્રી ચંદ્રકાંત ન્યાલચદં પારેખ    ખજાનચી – શ્રી ચંદ્રકાંત નરોત્તમદાસ વોરા

માનદ્ મંત્રીઓ – શ્રી અજય કાંતિલાલ પારેખ તથા શ્રી વિનોદ ભગવાનજી મહેતા

કમિટી સભ્યો –

શ્રી મહેશ આર.મહેતા, શ્રી વ્યોમેશ એચ.ભાયાણી, શ્રી ભદ્રેશ વી. મહેતા, શ્રી ધિરજલાલ એચ. કોરડીયા,
શ્રી હસમુખ બી. શાહ, શ્રી મનીષ પી. મહેતા, શ્રી નિરવ એ.પારેખ, શ્રી નીકુંજ વી.શેઠ,
શ્રી વિરેન્દ્ર જે.મહેતા, શ્રી પ્રદીપ જી.વોરા.

# ચૈત્ય પરીપાટી ના યાદગાર સંભારણા ૨૦૨૫

















# ચૈત્ય પરીપાટી ના યાદગાર સંભારણા ૨૦૨૫

















# ચૈત્ય પરીપાટી ના યાદગાર સંભારણા ૨૦૨૫












# ચૈત્ય પરીપાટી ના યાદગાર સંભારણા ૨૦૨૫
















# શતાબ્દી વર્ષ



: જન્મ :
૨૫-૧૨-૧૯૨૫

: સ્વર્ગવાસ :
૦૬-૦૪-૧૯૯૧

## આદરણીય પિતાશ્રી
## દેવચંદભાઈ કરમચંદ વસા

**મૂળવતન : પાટણવાવ    કર્મભૂમિ : મુંબઈ**

અમારા પ્રાતઃસ્મરણીય પિતાશ્રીની જન્મ શતાબ્દીના પવિત્ર અવસરે અમે સંતાનો તેમને કોટી કોટી વંદન કરીએ છીએ

૧૪ વર્ષની સગીરવયે કારકિર્દી અર્થે મુંબઈ આવ્યા અને એસ.મનસુખલાલ કંપની - કાલબાદેવી રૂા.૨૫ના પગારથી નોકરીમાં જોડાયા અને ૧૯૭૨ સુધી તેમને ત્યાં રહી ખંતપૂર્વક કાર્ય કરેલ હતું. તે જ કંપનીના કાર્ય માટે બે વખત ૧૯૬૨ ને ૧૯૭૦ માં સ્ટીમર દ્વારા પરદેશ ગયા હતા.

એસ.મનસુખલાલ કંપની સાથેના ૩૩ વર્ષના વિશિષ્ટ સંબંધ અને તેમના આશિષ સાથે ૧૯૭૨માં સ્વતંત્ર વ્યવસાય International Exporters ના નામથી શુભ શરૂઆત કરી અને ૧૯૭૮માં Dhiren Enterprises ના નામથી વ્યવસાયમાં પ્રગતિ કરી હતી.

**પારિવારિક જીવન**

તેમના લગ્ન પોરબંદર નિવાસી શેઠ ઝવેરચંદ દેવચંદ શાહના પુત્રી વનીતાબેન સાથે થયા હતા. સંતાનમાં ત્રણ પુત્રો ધિરેન, દિવ્યેશ, મયંક અને બે પુત્રી પ્રજ્ઞા અને રૂપલ છે. દિવ્યેશના જન્મ દરમ્યાન પ્રસૂતિમાં તકલીફ થતા માતુશ્રી વનીતાબેન સ્વર્ગવાસી થયા અને માત્ર સંતાનોની કાળજી-જતન માટે વૈધવ્ય ભોગવી રહેલ કલકતા સ્થિત તારાબેન મહેતા સાથે લગ્ન કર્યા હતા. માતુશ્રી તારાબેન પણ અપરમાતા ન રહેતા, દરેક સંતાનોને પોતાની માતાની જેમ પ્રેમ, વ્હાલ અને ઉચ્ચ સંસ્કારો આપી મોટા કર્યા હતા.

પારિવારિક જવાબદારી નિભાવીને બન્ને ભાણેજને ઉર્મિલા અને દિપક વ્રજલાલ શાહ ને ભણાવ્યા ગણાવ્યા. લગ્ન પણ કરાવીને તેમના પોતાના સ્વતંત્ર રહેઠાણની વ્યવસ્થા કરી આપી હતી.

પિતાશ્રી દેવચંદભાઈ સ્વભાવે શ્રીફળ જેવા કડક પણ અંતરથી પ્રેમ, સ્નેહ આપનારા હતા. તેમની Personality Larger than Life હતી. ભડવીર-કર્મવીર અને શ્રમવીર તેમના સહજ અને સ્વાભાવિક સદગુણો હતા.

તેઓ કોઈથી અંજાતાં નહિ અને કોઈને આંજી નાખવાનો પ્રયત્ન પણ કરતા નહીં, તેમનો મિત્ર વર્ગ પણ વિશાળ હતો અને ઘાટકોપર મંડળના ઉપપ્રમુખ તરીકે પણ કાર્યો કાર્યન્વિત રહ્યા હતા. તેમના સંતાનો તરીકે તેમનું પ્રતાપી નામ અમને વારસામાં મળ્યું છે એ નામથી અમે શોભાયમાન છીએ અને તેનું અમને ગર્વ ગૌરવ છે.

તેમની ભવ્ય શતાબ્દીના અવસરે અમે તેમની સ્મૃતિને હૃદયમાં અંકિત કરીને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

**ધીરેન-બીના, દિવ્યેશ-સોનલ, મયંક-ભાવિકા. પ્રજ્ઞા-પ્રવિણભાઈ, રૂપલ-રાજેશભાઈ,**
**વૈભવી-આનંદ, ચિંતન-ખુશ્બુ, જીત, રિયા, પ્રીયાંશ, વાનીકા.**

## ઋણાનુબંધ

# ત્યાં વરસાદ છે ?

- આચાર્યવિજયઉદયરત્નસૂતિ મ.સા.

આંસુભીના ઉલ્લાસનો દિવસ છે આ. આમ તો વરસાદ પછીના ઉઘાડ જેવો દિવસ. આવેશ-આક્રોશ-અબોલા-અકળામણ અને અહંકારને તો ગઇ કાલે ખંખેરી લીધા. આજે તો નવી દુનિયામાં નવો પ્રવેશ.

બેસતા વર્ષ જેટલું જ મહત્ત્વ આજના દિવસનું હોવું જોઇએ. અમાસના અંધારા પછી પરોઢનું અજવાળું કેવું સોનેરી લાગે છે. આજે એવો દિવસ છે. વર્ષ-દિવસમાં ભેગાં કરીને રાખેલા દ્વેષ. કલહ, અતૃપ્તિ. અદેખાઇ. ઇર્ષ્યા અને અભિમાનના અંધારાને હડસેલીને, ક્ષમાપના કરીને નિર્મળ થયેલું મન આજે હળવાશ અનુભવે છે.

માણસનું મન અકળ છે. ગહન છે. એ નજીકના સ્વજનોને પીડા આપવાનું ચૂકતું નથી અને દૂરના પડછાયાને પ્રેમ કરવાનું શીખતું રહે છે. પોતાનાંને પરાયા ગમવાનાં અને પરાયાને પોતાનાં ગણીને કરાતો વ્યવહાર તેની આદત છે. કેવી વિડંબણા છે? જેના વિના આપણને ચાલતું નથી. એને પીડા પહોંચાડયા વિના પણ આપણને ચાલતું નથી!

જેના ખભે માથું ઢાળીને આંસુ વહાવી શકાય એવા જ સ્વજનોને પરાજિત કરીને.... જીતી લઇને શું મળે આપણને? સુરેશ દલાલ કહેતાઃ

***'આંસુઓને સારવાને માણસને***
***જોઇએ માણસનો ખભો.***
***હિમાલયની ગુફામાં રહેવા છતાં***
***'સંતો' પ્રવચન કરવા ઠેઠ અહીં ઊતરી આવે છે.***
***એનો અર્થ એ જ કે***
***સંતોને પણ મેદની વિના ચાલ્યું નથી***
***અને આ બધું હોવા છતાં***
***છેવટે તો માણસ એકલો - સાવ એકલવાયો!***
***નહીં કોઇ વૃક્ષ; નહીં કોઇ છાંયો,***
***પોતે જ પોતાનો ઓઢે પડછાયો!***
***આ બધું જાણવા છતાં, જાણું છું હું એટલું કે***
***માણસને માણસ વિના ચાલ્યું નથી!'***

કવિના કટાક્ષને કોરે મૂકીને જોઇશું તો એમાંય

મૂળ વાત પ્રેમની જ છે. સ્વજનો વિના કોને ચાલે? અવસરો પણ સ્વજન વિના કયાં શોભે છે? રૂપિયો સંબંધોને બનાવી શકે... ટકાવે તો પ્રેમ જ!

સ્વજનો ગમે તેવા હોય... પણ એના વિના ચાલે નહીં, અમારા ગુરુમહારાજ આચાર્ય વિજય રત્નચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ઘણી વાર માર્મિક વાત કહેઃ તમારું પુણ્ય ન હોય તો કૂતરૂંય તમારે આંગણે ન આવે! એક જાનવર પણ સમજે છે કે,

***'આવ નહીં, આદર નહીં, નહીં નયણો મેં નેહ...***
***ઉસ ઘર કભી ન જાઇએ, ભલે કંચન વરસે મેહ!'***

સૌ પ્રેમની ઇચ્છા રાખે. અબોલા લીધેલા બે વ્યક્તિ કે ભાઈ કે સાસુ-વહુ કે બાપ-દીકરો કે બે ભાગીદાર કે બે મિત્રો હોય... બેય બાજુ હૃદય બળતું હોય છે. બેય ઝંખે છે. અબોલા પૂરા થાય તો સારૂં!

આ અહંકાર! તમારા પ્રેમાળ હૈયાને ધીટ બનાવી દે. ઝૂકવા ન દે... શરૂઆત કોણ કરે એમાં ને એમાં છેવટ સુધી એ તાપણું કાળજાને જલાવતું રહે છે. દર વર્ષે પર્યુષણ આસપાસ પ્રેમભીના સંબંધોનો મેળાપ, ભૂલોનો એકરાર અને ક્ષમા અમારી આંખોને વરસાદી ભીનાશ આપતાં રહે છે. હમણાં જ એક બીજાને અનહદ ચાહતા બે ભાઈઓના પુનર્મિલનને સૌને રડાવી મૂકયા. એક ગામમાં સગા બે ભાઈઓનું મિલન એક મહાત્માએ કરાવ્યું. જૈનોમાં આવા ખમત-ખામણા નિમિત્તે આખા ગામના સ્વામી વાત્સલ્ય થતાં જોયાં છે. ગોળ અને સાકર વહેચાતાં જોયાં છે.

સંવત્સરી ગઇ કાલે ગઇ. જેની સાથે અબોલા હતા. તેની સાથે ક્ષમાપના થઇ ગયા પછી પ્રેમના વારિ સીંચજો. નહીંતર બળેલી ભૂમિ પર સંબંધોના અંકુર જલ્દી નહીં ઊગે. આજે પારણાં પાંચમ છે. તપના પારણાં થયાં... તેમ ઊંચા મનનાંય પારણાં કરાવજો... સામેવાળાના બારણે સામે પગલે જજો. જેનું મન મોટું તેને મોટા કહેવાય. જેનું મન નાનું તેને નાના કહેવાય. માંડ માંડ સંબંધોના સમીકરણો બદલાયા હોય, ત્યાં આવેશની આગ તમને ફરીથી દઝાડી મૂકે તે પહેલાં આંસુના નીરને છંટાવજો. સુરેશ દલાલનું જ એક બીજું કાવ્ય પણ કેવું વેધક છે?:

**'તું મારાથી**
**ખૂબ દૂર છે.**
**એટલે અવારનવાર તને ફોન કરું છું.**
**મેં તને પૂછ્યું**
**કે ત્યાં વરસાદ છે કે નહીં?**
**અને તેં કહ્યુંઃ**
**હા, આંખોમાં!'**

આંસુનો વરસાદ આપણા અંતરની આગ ઠારે તો આ પર્યુષણ સાર્થક!!

## શ્રદ્ધા સુમન

: જન્મ :
૧૯-૦૯-૧૯૪૦

: અરિહંત શરણ :
૧૭-૧૧-૨૦૧૬



## લીલમબેન ધીરજલાલ માઝની

**ધોરાજી નિવાસી હાલ : ચુનાભટ્ટી - મુંબઈ**

**હળવું હળવું તમારું અસ્તિત્વ ને**
**એમાંથી પ્રસરેલી ભીની સુવાસ**
**સંકોરે છે એ પ્રેમાળ વદન,**
**જાણે તમે અહીંજ છો અમારી આસપાસ.**

**પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...**

| | | |
|---|---|---|
| **પુત્ર** | : | હરેશ, નરેશ |
| **પુત્રવધુ** | : | હીના, વૈશાખી |
| **પૌત્ર** | : | હેમિત - જૈનીલ |
| **પુત્રી-જમાઈ** | : | કલ્પના અમીતકુમાર મોદી |
| **દોહિત્ર** | : | અમોલ, પ્રણવ |

**સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

રહેઠાણ : ૨૦૩-૪૦૨, ગિરીશ વિહાર, ૨૯૨, વી. એન. પુરવ માર્ગ,
ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨

Kayami - November

# વાત એક માણસની  દોસ્ત - દુશ્મન

- ગિરીશ ગણાત્રા

આમ તો એપ્રિલ મહિનાની શરૂઆતનો ઉનાળો કચ્છની ધરતીને એટલો ન તપાવે જેટલો મે મહિનાનો તાપ ધખાવે. છતાંય કચ્છનો રણપ્રદેશ મૃગજળના ઝાંઝવા એપ્રિલમાં જરૂર દેખાડે. બન્ની, ખાવડા કે લખપતના પ્રદેશો ઉનાળામાં સૂક્કાભઠ્ઠ બની જાય. રેતીની આંધી ઊડે અને ઘડીભર જ્યાં ખાડા હોય ત્યાં ટેકરા ઊભા થઇ જાય. રણપ્રદેશમાં સૂક્કા બાવળની પત્તીઓ કે કાંટાળા થોરની આજુબાજુ ઊગેલી અલ્પજીવી વનસ્પતિ તે ઊંટ-બકરાનો ખોરાક. બાજરી, જુવાર કે કાંદા કે પછી ડાંડલી થોરના ડોડવા એ જાવતા માણસોનો રોજિંદો ખોરાક. છૂટાછવાયા ઝૂંપડામાં રહેતા જીવતા માણસો રેતીના મહાસાગરના શૂન્યાવકાશમાંથી ઊભા થતાં ભેંકાર વાતાવરણમાં જીવે. અહીં નહોતા રેડિયો કે વર્તમાનપત્રો, નહોતો વાહનવ્યવહાર કે નહોતો કોઇ શહેરી ઘોંઘાટ. કયારેક કયારેક મિલિટરીની જીપ પસાર થઇ જતી અને રેતી ઉડાડી જતી. એ સિવાય વાતાવરણની શૂન્યતામાં અવાજનો કોઇ કાંકરીચાળો નહોતો થતો.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ પછી જ સંધિકરારો થયા એમાં બંને દેશોની સીમા પર તારની વાડ બંધાઇ રહી હતી. અત્યારે તો યુદ્ધનું વાતાવરણ નહોતું પણ થાય તો આ તારની વાડ હુતુતુ કે લંગડીની જેમ બે પાર્ટીની વચ્ચે રેખા બનાવતી હતી ખરી.

એક બાજુ તારની વાડ કે માઇલ-સ્ટોનના પથરાઓ ખોડાઇ રહ્યા હતા તો બીજી બાજુ તારની બંને તરફ હમણા હમણાં થોડી તંગદિલી ઊભી થઇ ગઇ હતી.

વાત એમ હતી કે ભારત અને પાકિસ્તાનની લશ્કરી ટુકડીઓ બંને બાજુ પોતાપોતાની છાવણીઓ નાખીને પડી હતી. વ્યુ-ટાવર, ખાઇઓ, બેરેક્સ કે ઢૂવાઓ દ્વારા સંરક્ષણની હરોળ રચાયેલી રહેતી. દિવસ અને રાત પેટ્રોલીંગ ચાલુ રહેતું. કોઇ પણ ચકલું સીમા પાર કરીને આ બાજુ કે પેલી તરઉ આવ-જા કરી શકતું નહોતું. જાય કે તરત જ યુદ્ધકેદી તરીકે એને ખપાવી દેવામાં આવે.

શાંતિકાળમાં બંને દેશોના સિપાઇઓ અહીં આ સીમા પર બેસી પત્તાં રમે, સાથે જમે અને જીપની સગવડતા હોય તો પાસેપાસેની હોટેલમાં જઇને જમી પણ આવે. એ વખતે માનવસર્જિત પેલી સીમાનું અસ્તિત્વ મટી જતું. સીમાની આ બાજુ કે પેલી બાજુના કૂવામાંથી પાણીના કેન ભરાતાં. નહાવ-ધોવાનું થતું પરંતુ જેવી તંગદિલી ઊભી થાય કે બંને બાજુના સૈનિકો એમની બંદૂકો એકબીજા તરફ તાકે.

હમણાં જ આવું એક છમકલું થઇ ગયેલું.

આક્ષેપ એવો હતો કે એક દેશના સૈનિકો બીજા દેશના ઘેટા-બકરા ઉઠાવી ગયા. આમાં તથ્ય કેટલું હતું એ તો કોઇ જાણતું નહોતું પણ એલચી-કચેરીઓ વચ્ચે આક્ષેપબાજી થતી રહી. વિદેશપ્રધાનો આ આક્ષેપોને રદિયા આપે અને સંરક્ષણપ્રધાનો સીમાને સાવચેત કરી દેતા. પરિણામે બંને દેશોના જવાનો સીમારેખાથી થોડા પછા હઠી પોતપોતાની ખાઇઓ કે રેતીના ઢૂવાની આડશે ભરાઇ એકબાજાની સામે બંદૂકો તાકીને બેઠા રહેવા લાગ્યા.

વાતાવરણ નિશબ્દ હતું. કોઇ પણ પ્રકારનું હલનચલન શંકા ઊભી કરતું. પાંદડા ફરકવા જેવી પ્રકૃતિ પણ અહીં કયાં હતી? ગોળીબારની સામે ગોળીબારથી જવાબ આપવાનો હતો. મિત્રતા દુશ્મનાવટમાં પલટાઇ ગઇ હતી.

લખપતની કોરી ખાડીની બાજુમાં રેહતા એક ગરીબ કુટુંબમાં બે બાળકો - એક છોકરો અને એક છોકરી - રેતી ખૂંદીને પોતાના બાપને શોધવા અહીં સુધી આવી પહોંચ્યા હતાં. પગ દઝાડે એવી રેતી ખૂંદતા ખૂંદતા છ-આઠ વર્ષનાં આ ભાઈ-બહેનનો બાપ પાંચ દિવસથી ગુમ હતો. એક બપોરે પોતાના ઢોર લઇને એ ચરાવવા નીકળ્યો તે નીકળ્યો. પછી એનો પત્તો નહોતો. જાણકારોનું કહેવું હતું કે એને અને એના ઢોરને પાકિસ્તાની સૌનિકો ઉઠાવી ગયેલા. સરહદની પેલી પાર આવેલા એક પીરના તકિયા પાસે થોડી ઘણી લીલોતરી ઊગી છે તે ચરાવવાની લાલચે એ ત્યાં પહોંચી ગયો હોય ખરો. જો એમ જ હોય તો પછી એ આ ભવે પાછો આવી રહ્યો !

છોકરાઓની મા કપાળે માથું કૂટતી બેસી રહી પણ એની પડોશણ હતી જબરી. એણે કહ્યું -

‘બાઇ, માથે હાથ મૂકીને બેસી રહેવાથી કાંઇ નહીં વળે. કંઇક કર.’

‘શું કરૂં?’

‘ધણી જેવો ધણી ખોવાઇ જાય ત્યારે બેસી ન રહેવાય. મરી ગયાનું કંઇ ન થઇ શકે પણ જીવતાને ગોતવો પડે.’

‘પણ કયાં ગોતું?’

‘આપણા મિલિટરીવાળા અહીંથી પસાર થાય છે તે એને કાને વાત નાખ. એને પૂછ. પૂછતાં પૂછતાં તો પરમેશ્વર પણ મળી જાય.’

બાઇને પડોશણની વાત સાચી લાગી. એ આખો દિવસ કોઇ જીપ પસાર થાય એની રાહ જોતી નાકું દબાવી બેઠી. એક-બે મિલિટરીના માણસોને પૂછી જોયું પણ કોઇએ દાદ ન દીધી. બાઇએ નિસાસા નાખ્યા.

પણ પડોશણ ચૂપ બેસી રહે એવી નહોતી. એણે છોકરાઓને પડખે ઘાલીને પૂછયું -

'બાપ વહાલો લાગે છે ને ?'

'હા.' છોકરાઓએ કહ્યું, 'બહુ હેત કરે છે.'

'તો તમે ભાઈ-બહેન નીકળી પડો. નાના છોકરાઓને બધા મદદ કરે. મોટાઓને ગાંઠે નહીં.'

અને એમ ભાઈ-બહેન બાપને શોધતા શોધતા આવી ચઢ્યા સીમા પર,

સાંજનો પાંચ વાગ્યાનો સમય હતો. સૂરજ હજુ આભમાં નીચે નમ્યો હતો એટલે જ, નહિતર અંધારામાં અવશ્ય ગોળી છૂટી હોત.

ભૂખરા કપડા પહેરેલા અને ખાઇમાં બેઠેલા જવાનોમાંથી એકે સિસકારો કરી છોકરાઓને બોલાવી લીધા. જો ઉભા રહેશે તો સામેથી સનસનાટ ગોળી વછૂટશે. હજુ ત્રણ દિવસ પહેલાં જ અહીં છમકલું થઇ ગયેલું છે. જો આ છોકરાઓ એમના વ્યૂમાં આવી ગયા તો લોહી રેડાશે.

'ઇધર કયૂં આયે હો ?'

'બાપ કો ઢૂંઢને કા.'

'કોન બાપ ?'

'હમારા બાપ. ગુમ થઇ ગયા છે - પાંચ જમણથી'

'યહા કોઇ તુમારા બાપ નહિ હૈ. રુપચૂપ વાપસ ચલે જાઓ વર્ના... પીછે કી બાજુસે મૈં કહું તબ નિકલ જાઓ'

છોકરાઓ રહી પડયાં.

એમને રડતા જોઇ એક બીજા સૈનિકે એની પૂછપરછ કરી ત્યારે ખબર પડી કે પાંચ-છ દિવસ પહેલાં પાકિસ્તાનીઓએ સરહદ પરથી જેમને પકડયા એમાં આ છોકરાઓનો બાપ પણ હોઇ શકે પરંતુ આ તો રાજકીય વ્યૂહ છે. પોતાના દેશના પ્રશ્નોનું અન્યત્ર ધ્યાન દોરવા સરહદે થતાં આવા છમકલાને ચગાવવામાં પણ આવે. હેડ ક્વૉટરમાંથી મળેલા ઓર્ડર મુજબ સીમાની તમામ ચોકીઓને 'એલર્ટ' ના ઓર્ડર અપાઇ ચૂક્યા એ કદાચ નાનકડી લડાઇની શક્યતા નકારી શકાય નહીં.

પરંતુ અહીં ખાઇમાં બેઠેલા ટુકડીના નાયકનું હૃદય કંઇ જુદી જ વાત કહેતું હતું. એ પાકિસ્તાની ટુકડીના નાયકને ઓળખતો હતો. પત્તાની રમતમાં એ ઘણી વખત એનો પાર્ટનર બનેલો. એની સાથે ઘણી અગંત વાતો થતી રહેતી. એ કદાચ આ પ્રશ્નમાં મદદરૂપ થઇ શકે.

એણે વિચારી જોયું. ખૂબ ખૂબ વિચારી જોયું. સાથીઓ સાથે મસલત પણ કરી, છેવટે એણે નિર્ણય લીધો - કદાચ જો પાકિસ્તાની ટુકડીનો નાયક મીરખાન માની જાય તો ઠીક, નહિતર ભલે એ બંદૂક ચલાવવાનો હુકમ આપે. જોકે સાથી જવાનોએ તો એને એની યોજના પડતી મૂકવાની સલાહ આપી પણ નાયક માન્યો નહીં.

એણે રાઇફલના બેયોનેટ પર રૂમાલ બાંધ્યો અને ખાઇમાંથી રાઇફલ ઊંચી કરી. પાંચ-સાત મિનિટ પસાર થઇ ગઇ પણ સામી બાજુથી કોઇ પ્રતિસાદ ન મળ્યો. નાયકને થયું, જો ખાઈમાંથી બાર નીકળ્યો ને ગોળી છૂટી તો અહીંની ટુકડીની જિમ્મેદારી એના શિરે હતી.

આખરે એણે નિર્ણય કર્યો કે આ છોકરાઓના પિતાને શોધવા થોડું જોખમ તો ખેડી લેવું. સુલેહનો ઝંડો ફરકાવ્યો છે પણ સામેથી કોઇ પ્રતિસાદ નથી પણ બે હાથ ઊંચા કરી બહાર તો નીકળવું જ, પરંતુ એમ કરતાં પહેલાં એણે ફરી રાઇફલને પૂરા હાથથી ઊંચી કરી.

સામેથી એક તીણી વ્હીસલ સંભળાઈ.

અરે. આ તો મીરખાનની મોંની સીસોટી!

નાયક બહાર નીકળ્યો. બંને છોકરાઓને લઇ એ સામે ગયો. સામેથી મારકાન બહાર નીકળ્યો. એણે પૂછ્યું -

'બોલીએ સૂબેદારસાહબ, કયા હુકમ હૈ ?'

એણે છોકરાઓની કથની કહી. કથની સાંભળી મીરખાને પૂછ્યું

'કયા નામ હે ?'

'વીરજી' છોકરાઓએ કહ્યું.

'હંઅઅઅ...' મીરખાને વિચાર્યું અને પછી કહ્યું -

'આપ એક મિનિટ ઠહરિયે. મૈં આતા હૂં.'

મીરખાન ગયા. પંદર-વીસ મિનિટ પછી એ પાછા આવ્યા અને કહ્યું -

'આ નામનો એક માણસ એના બે-ત્રણ જનાવરને લઇને આવેલો છે ખરો. અમે એને અટકમાં રાખ્યો છે.'

'એનું રિપોર્ટીંગ થયું છે ?'

'ના. સીમા ઉલ્લંઘન કર્યું છે એટલું જ. સીમા પરની આ ટ્રાયવલ (ફાલતુ) મેટર ગણાય. એના રિપાર્ટીંગ ન થાય.'

'તમે એને પાછો આપી શકો ખરા ? આ એક મિલિટરીના નાયકની બીજા નાયક અફસરને વિનંતી છે.'

'એ અહીં નથી. આઠ કિલોમીટર દૂર આવેલી એક સરાઇમાં એને રાખ્યો છે.'

'તમે આ છોકરાઓને એનો બાપ પાછો આપશો ?'

મીરખાને વિચારીને કહ્યું -

'એને અહીં લાવતા એકાદ-દોઢ કલાક થઇ જાય.'

'એગ્રીડ.'

'પણ એ દરમિયાન નો ફાઇટ પ્લીઝ.'

'હું તમારા તાબામાં છું. મીરખાન.'

'તમને હું ઓળખું છું. સુબેદારસાહેબ. પત્તાંની રમતમાં તમે મારા પાર્ટનર છો. મને માત્ર તમારો શબ્દ આપો કે અત્યારે તમારા તરફથી કોઇ હુમલો નહીં થાય.'

'હું અહીં ઊભો છું પછી ઓર્ડર આપશે કોણ ?'

'વેલ, હું પણ તમારી સામે ઊભો છું. મારા તરફથી પણ કોઇ એવી હિલચાલ નહિ થાય.'

મીરખાને જઇને એના ગાર્ડને સૂચના આપી અને પાછી પાછા

ફરી કહ્યું -

'સુબેદારસાહબ, સિગારેટ હો તો પીલાઓ. હમારા ક્વોટા ખતમ હો ગયા હૈ.'

બંને નાયકોએ ઊભા ઊભા સિગારેટ સળગાવી.

ઘડીબર લડાઇની હવા થંભી ગઇ. એખલાસનું એક વાતાવરણ સર્જાઇ ગયું.

વીરજીએ એના જનાવરો સહિત પાછા આવતા અંધારૂં થઇ ગયું પણ છોકરાઓ બાપને વળગી પડ્યાં.

'અબ જદલી સે યહાં ચલે જાઓ' મીરખાને કહ્યું. એક સિગારેટ પીને ફરી અમે દુશ્મનો બની જવાના છી. આખરે અમારે પણ અમારા ઓર્ડર્સ પાળવાના હોય છે.

બે નાનકડા બાળકોને તથા પોતાના જાનવરોને લઇ જતા વીરજીને બંને જોઇ રહ્યા. એ બંને અંધારામા ઓગળી ગયા ત્યારે સુબેદારે મીરખાનને કહ્યું -

'થેંક્યુ દોસ્ત. આજે તમે એક વાતની પ્રતીતિ કરાવી દીધી કે માણસ કયારેય માણસનો દુશ્મન હોતો નથી. હું અને તમે દુશ્મન નથી પણ આપણા દેશો વચ્ચે દુશ્મનાવટ છે. એ જલદી ઓગળી જાય એવી હું અલ્લાતાલાને પ્રાર્થના કરૂં છું.'

બંને નાયકો હાથ મિલાવી ફરી દુશ્મન બનવા પોતપોતાની સીમા પાર કરી ગયા.

## જીવન નું હવે એક જ લક્ષ્ય - શત્રુંજય મહાતીર્થ પાલીતાણા જય ગિરીરાજ જય આદીનાથ




નથી કોઇ ઘર મારૂં, શહેર માં કે ગામ માં,
મારૂ તો ઘર એક જ, શત્રુંજય નાં ધામ માં,
નથી રાખી સોના ચાંદીની કોઇ પેટી,
મારો તો દાગીનો દાદા ની 'જય તળેટી',
નથી કોઇ ભૌતિક લક્ષ્યો રાખ્યા ઊંચા,
મને તો ગમે દાદાના શિખરો ઊંચા,
દર્શન કરતાં 'શાંતિનાથ' દાદા ના મળે સૌ ને શાંતિ,
જે લઈ આવે ભક્તો ના જીવનમાં નવી ક્રાંતિ,
ચાલવું છે મારે, સત્યની રાહે ડગલાં,
મને બહુ ગમે 'રાયણ વૃક્ષે' દાદા ના પગલાં,
'પુંડરીક સ્વામી' નાં દર્શન થી થાય સૌ જીવો પાવન,
શ્રધ્ધા થી વંદન કરો તો બળે અંદરનો રાવણ,
ને સામે પાર 'આદિનાથ' દાદા ને ભેટવા બહુ લલચાતું મન,
બસ હવે સોંપી દઉ દાદાને સઘળું તન, મન ને ધન!
ને વંદી સિધ્ધવડ કરૂ આત્મ કલ્યાણ,
બસ એ જ શેષ જીવનનું અભિયાન,
એ જ શેષ જીવનનું અભિયાન!!

**- એ જ તારો દર્શન અભિલાષી ભકત**
**હિતેશ છબીલાસ મહેતાના કોટી કોટી વંદન.**

## સત્ય હકિકત

પહેલા તન તોડીને રળવાનું
પછી વિલ બનાવી વહેંચવાનું!
આયખું આખુ આમાં ખર્ચવાનું,
એ પાછું કયાંથી મળવાનું?
એના કરતાં થાય એટલું કરવાનું.

પારિજાત ભરેલી રાત છું, તો,
સવારે નિશ્ચિત છે ખરવાનું!
સમષ્ટિમાં નહીં પહોચીં વળાય,
આપણાથી થાય એટલું કરવાનું.

એક ઇશ્વર - એક નિયંતા,
શાને બીજાથી ડરવાનું?
ખાલી થયાની મજા છે અલગારી-
ઝાઝું ઝાઝું કાંઇ નહીં ભરવાનું.
આપણે થાય એટલું કરવાનુ.

ફરતું બ્રહ્માંડ, ફરતાં નક્ષત્રો
આપણેય મોજમાં ફરવાનું!
ભીતર સ્થિર રહીને મહાલીએ,
બહાર-બીજાને નહીં નડવાનું,
આપણે થાય એટલું કરવાનું.

મોજમાં રહેવાનું, જોશમાં જીવવાનું,
ખાલી મૌત આવેને ત્યારે જ મરવાનું!
રોજે રોજ ક્રોધ કે સંતાપ ત્યજીને,
જીવનજ અમૃત બને એમ ઠરવાનું,
આપણે થાય એટલું કરવાનું!

# ઋણ સ્વીકાર

**''હું સપાટીનો માણસ છું. ક્યાં જઈ શકું ? '**

**'ક્યાંક ઊંચાઈ છે. ક્યાંક ગહરાઈ છે. ક્યાં જઈ શકું ?''**

**પાનખરની ઋતુ અને જીવનની સંધ્યાએ**

**હું પ્રવીણ વોરા ઋણ સ્વીકાર કરું છું.**

(૧) સોરઠના સિંહ તરીકે પ્રખ્યાત માવજીંજવાના વતની અને બગસરાના નગર શેઠ દયાળભાઈ દેવચંદ વોરા (મારા દાદા) કે જેઓ જાહોજલાલી અને ખાનદાનીના પ્રણેતાને તેમના આશીર્વાદ સાથે તેમને નમન કરું છું મારા માતુશ્રી હિરાલક્ષ્મીબેન ની શાલિનતા અને મારા પિતાશ્રી ચીમનલાલ વોરાની સ્વાભિમાનતાનો વારસો અમોને મળ્યો છે તેઓ સહુનું અભિવાદન કરું છું.

(૨) ૧૯૬૦માં બગસરાથી મેટ્રીક પાસ થઈને મુંબઈ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો અને ૧૯૬૪માં B. Com પાસ કર્યું. એ મહાવીર જૈન વિદ્યાલયને આભારી છે. સાથે સાથે મુંબઈ સ્થિત મારા ગાર્ડીઅન રહેલા મારા પૂજ્ય ફુવા અભેચંદ માણેકચંદ શેઠ કે જેમણે મને વિશિષ્ટ સહારો આપેલો તેનો હું જીવનભરનો ઋણી છું.

(૩) ૧૯૬૬ જાન્યુઆરીમાં કલકતા સ્થિત શ્રીમતી કુસુમબેન મગનલાલ મોતીચંદ મહેતાની પુત્રી જ્યોતી સાથે લગ્ન થયા અને ૧૯૬૭માં પ્રિન્સેસ સ્ટ્રીટ દામોદર બિલ્ડીંગમા એક જ રૂમ મેળવીને ઘર સંસારમાં પદાર્પણ કર્યુ એ સમયે ૧૯૬૪ થી ૧૯૬૮ સુધી મે ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીમાં નોકરી મેળવી ને ખંત પૂર્વક કામ કર્યુ હતું.

(૪) ૧૯૬૮માં ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ ની નોકરી છોડી અને જૈનેક્ષ ગ્રુપ કંપનીમાં ૪૫૦ના પગારથી ખરેખરી કારકિર્દી શરૂ કરી અને ૧૯૯૬માં તે કંપનીમાં બોર્ડ મેમ્બર તરીકે સ્થાન મેળવ્યું અને અત્યારે પણ તેમાં કાર્યરત છું. આ કંપનીએ મને સુંદર જીવન બક્ષયું છે અને મે પણ તેમને મારું જીવન સમર્પિત કર્યુ છે તેની મને અત્યંત ખુશી અને સંતોષ છે.

(૫) મુંબઈ સોરઠ સમાજમાં યથાશક્તિ કાર્ય કરવામાં પ્રેરણા આપનારા મુ.શ્રી રમણીકભાઈ ઝવેરચંદ વસા થકી રાજકોટ સ્થિત દેવકરણ મુળજી સંઘવી બોર્ડીગમાં ૨૦૦૭ થી ૨૦૧૪ ટ્રસ્ટી તરીકે કામ કર્યુ અને તે જ સમય દરમ્યાન ઘાટકોપર મંડળ સંચાલિત મેડીક્લેઈમ યોજનાના ટ્રસ્ટી તરીકે કાર્યરત છું અને

૨૦૨૧ થી સોરઠ સમાજ કારોબારી સમિતીમાં કો ઓપ્ટ થયો તે માટે હોદ્દેદારો પ્રમુખશ્રી અને ઉપપ્રમુખના સાનિધ્યમાં શક્ય યોગદાન આપવાનો લાભ મળ્યો છે તેઓ સહુનો હું ૠણી છું. તેઓ સહુએ મને નવી દિશા બતાવી છે.

(૬) અમારા બન્નેના માતા પિતા અમારા ભાઈ-ભાભીઓ, બહેન-બનેવી, મોસાળ પક્ષ અમારા સંતાનો, ભત્રીજા-ભત્રીજીઓ વિ. સહુએ અનહદ પ્રેમ અને સ્નેહ આપ્યો છે. તે અમારા જીવનનું અલૌક્કિ સંભારણુ બની ગયું છે. અને વિશેષ અમારા સંતાનો પુત્ર રાજન - સૌં.નિપા પરિવાર અને અમારી પુત્રી સૌ.રૂપા રાજન સચદેવ પરિવાર અમારા જીવનની સંધ્યાએ અમારા માવતર બનીને અમારૂં જતન કરી રહ્યા છે. તેનુ વર્ણન કરવા માટે અમારી પાસે કોઈ શબ્દો નથી.

ઉમરની સમજણ અને સમજણની ઉમર અમારા જીવનનાં પર્યાય બની ગયા છે. અને સહુના ૠણ સ્વીકાર કરતા અમારી આંખોથી અશ્રુ સરી રહ્યા છે.

અંતમા સાહિર લુધીયાનવી ના એક ગીતની પંક્તિ દ્વારા સમાપન કરું છું

**ન મૂંહ છુપા કે જીઓ**
**ઓર ન સર ઝુકા કે જીઓ**
**ગમો કા દૌર ભી આયે તો મૂસ્કરા કે જીઓ**

**Pravin Chimanlal Vora**
**Jyoti Pravin Vora**


**Jainex Limited**
501 & 502, Sharda Chembers,
15, Sir Vithaldas Thackersey Marg,
New Marine Lines, Mumbai - 400 020.
Mo.: 93210 24752 • Tel.: 022-2200 2252
Email : sales@jainexgroup.net

**Pravin Chimanlal Vora**
B-12, Meena Sadan, 1st Floor,
208 Tamil Sangam Road,
Sion (East), Mumbai - 400 022
Mo.: 93210 24757 • Tel.: 022-2402 4757
Email : pravinvora@hotmail.com


With Best Compliments From :
Children of
JYOTIBEN & PRAVINBHAI C. VORA

**અમારા જીવન ઘડતર, ચણાતર અને ગણાતરમા**
**અમારા માતા પિતાનો અવર્ણનીય સિંહ ફાળો છે**
**અને અમે તેમના પરમ ઉપકારી છીએ.**

**રાજન અને સૌ.નિપા વોરા (હ્યુસ્ટન - યુ.એસ.એ.)**
**સૌ. રૂપા અને રાજન સચદેવ (સાયન - મુંબઈ)**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### ઓક્ટોબર માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર

શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા



સ્વ. શ્રીમતી દિવાળીબેન નરોત્તમદાસ વોરા

### નવેમ્બર માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા



સ્વ. શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા

# ભાઈબીજ સ્નેહ સંમેલનનો અહેવાલ

**- શ્રી પરિમલભાઈ ભીમાણી, શ્રી સંજયભાઈ મહેતા**

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈનું શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા અને શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર પ્રેરિત ૫૩મું ભાઈબીજ સ્નેહ સંમેલન ગુરુવાર તા.૨૩-૧૦-૨૦૨૫ ના રોજ બિરલા માતુશ્રી સભાઘરમાં યોજાયું હતું.

નિર્ધારિત સમય ૯.૦૦ કલાકને બદલે સભ્યોની પાંખી હાજરીને કારણે કાર્યક્રમ ૧૧.૧૫ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો.

મંત્રી શ્રી પરિમલ ભીમાણીએ સહુને આવકારતા નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી અને ત્રણ અતિથિ વિશેષ તથા સંમેલનના દાતા પરિવારના પ્રતિનિધિને પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા ખજાનચી દ્વારા મંચ પર લઇ આવવા વિનંતી કરી હતી અને દીપ પ્રજવલિત કરવા નું જણાવ્યું હતું.

શ્રી કીર્તિભાઈ વસા એ નવકાર મંત્રનું સ્મરણ કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

મંત્રી શ્રી પરિમલ ભીમાણીએ સમાજના શ્રેષ્ઠીવર્ય એવા શ્રી શરદચંદ્ર તારાચંદ ધનજીભાઈ મહેતાના અવસાન બદલ ખૂબ જ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને સમાજ પ્રત્યેની તેમની નિષ્ઠાની અનુમોદના કરી હતી.

શરદભાઈ ઉપરાંત વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યો માટે એક મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મંત્રી શ્રી પરિમલ ભીમાણી એ સમાજની વર્ષ ૨૦૨૫ - ૨૮ની નવી કારોબારી તથા સમાજના નિમાયેલા નવા ટ્રસ્ટીઓની સભામાં ઉપસ્થિત સર્વેને પરિચય કરાવ્યો હતો.

મંત્રીશ્રી પરિમલ ભીમાણીએ મુમુક્ષ કુમારી પ્રાચીબેન વોરાને મંચ પર આવવા વિનંતી કરી હતી. તેમનું બહુમાન શ્રી સોરઠ વામા વૃંદ કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

સમાજ તરફથી એક સ્મૃતિ ચિન્હ રૂપે એક મુદ્રા લેખ આપવામાં આવ્યો હતો જે શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા એ વાંચી સંભળાવ્યો હતો.

પ્રથમ અતિથિ વિશેષ શ્રી નિલેશભાઈ પ્રતાપભાઈ મહેતાનું પ્રમુખ શ્રી કિરીટભાઈએ શાલ તથા મોતીની માળા પહેરાવી બહુમાન કર્યું હતું. શ્રીમતી સુજાતાબેન નિલેશભાઈ મહેતાનું બહુમાન શ્રીમતી રીટાબેન મહેતાએ કર્યું હતું. અને શ્રી નિલેશભાઈના પિતાશ્રી પ્રતાપભાઈ મહેતાનું બહુમાન શ્રી શૈલેષભાઈ વોરાએ કર્યું હતું.

શ્રી નિલેશભાઈનો પરિચય શ્રી ભરતભાઈ મહેતાએ એમની આગવી શૈલીમાં આપ્યો હતો જે દ્વારા નિલેશભાઈની વિવિધ સેવા પ્રવૃત્તિઓને ઉજાગર કરી હતી. નિલેશભાઈએ પોતાના વકતવયમાં સમાજે શું કરવું જોઇએ તેની જાણકારી આપી હતી.

બીજા અતિથિ વિશેષ શ્રી ચંદ્રેશભાઈ કાંતિલાલ માંડવિયાનું બહુમાન ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસાએ કર્યું હતું. તેમનો પરિચય પણ શ્રી ભરતભાઈ મહેતાએ આપ્યો હતો. શ્રી ચંદ્રેશભાઈએ પોતાના બન્ને પગ અકસ્માતમાં ખોઇ નાખ્યા પછી પણ વ્યક્તિ સમાજ સેવા કેવી રીતે કરી શકે છે તેનું શ્રી ચંદ્રેશભાઈ જીવંત ઉદાહરણ છે.

દેશના મધ્યભાગમાં રહેતી કોઇપણ વ્યક્તિ અને ખાસ કરીને દીકરી કુંવારી ન રહે તે માટે તેમને ઝુંબેશ ઉપાડી છે અને મુંબઈ સમાજને પણ તેમાં જોડાવા વિનંતી કરી છે.

ત્રીજા અતિથિ વિશેષ શ્રી વિનોદભાઈ નાથાલાલ શેઠ નું બહુમાન ખજાનચી શ્રી યોગશભાઈ વોરાએ કર્યું હતું. શ્રીમતી છાયાબેન શેઠનું બહુમાન શ્રીમતી બિન્દલબેન વોરાએ કર્યું હતું.

શ્રી વિનોદભાઈ શેઠનો પરિચય ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસાએ આપ્યો હતો.

શ્રી વિનોદભાઈ શેઠે સમાજની વિવિધ યોજનાઓ ને બિરદાવી હતી.

સંમેલનના દાતા પરિવારના પ્રતિનિધિ તરીકે શ્રીમતી બીનાબેન પ્રદિપભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું બહુમાન શ્રીમતી ભાવિકાબેન મહેતા એ કર્યું હતું. શ્રી પ્રદિપભાઈ ગીરધરભાઈ વોરાનું બહુમાન મંત્રી શ્રી સંજયભાઈ મહેતાએ કર્યું હતું.

બીનાબેનનો પરિચય શ્રીમતી દર્શનાબેન ભીમાણીએ આપ્યો હતો.

બીનાબેને સોરઠ વામા વૃંદની સ્થાપના બદલ આનંદ વ્યક્ત કર્યો હતો અને નારી શક્તિની પ્રતિભા ને ઉજાગર કરવા સહુને આગળ વધારવા અનુરોધ કર્યો હતો.

પ્રમુખ શ્રી કિરીટભાઈએ નવા નવા આયોજનોમાં સમાજના સભ્યોનો સંપૂર્ણ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સંમેલનના દાતા પરિવારમાંથી પ્રથમ વખત મહિલા પ્રતિનિધિને મોકલવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

કલકત્તા અને વર્ધાથી ખાસ પધારવા બદલ શ્રી નિલેશભાઈ, શ્રી ચંદ્રેશભાઈ તેમજ મુંબઈ મીરારોડથી પધારેલ શ્રી વિનોદભાઈ શેઠનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના નેજા હેઠળ ધોરણ ૧૦ અને ૧૨ ના વિશિષ્ટ વિદ્યાર્થીઓનું બહુમાન શ્રી ભોગીલાલ ઝવેરચંદ વસા પરિવાર દ્વારા કરવામાં આવ્યું. તેમના ટ્રસ્ટ દ્વારા ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને રૂપીયા ૧૧,૦૦૦ તથા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને રૂા.૧૫,૦૦૦ ના ચેક આપવામાં આવ્યા હતા.

દાતા પરિવારનું બહુમાન મંત્રી શ્રી પરિમલ ભીમાણી અને શ્રીમતી દર્શનાબેન ભીમાણી એ શાલ તથા મોતીની માળા પહેરાવી કર્યું હતું.

ધોરણ ૧ થી ૯, ૧૦, ૧૨ તેમજ સ્નાતકો અને અનુસ્નાતકો નું બહુમાન આ વર્ષના દાતા પરિવાર શ્રી હસમુખભાઈ રમણીકલાલ શેઠ ના હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની નામાવલી શ્રી મેહુલભાઈ શેઠ અને ડો. ધર્મેશભાઈ વોરા દ્વારા રજૂ કરવામાં આવી હતી.

દાતા પરિવારનું બહુમાન શ્રી જયેશભાઈ એસ. વસા અને શ્રીમતી રૂપલબેન શૈલેષભાઈ વોરાએ શાલ તથા મોતીની માળા પહેરાવી કર્યું હતું.

મંત્રી શ્રી સંજયભાઈ મહેતા એ ધાર્મિક ઇનામો મેળવનાર ની નામાવલી વાંચી સંભળાવી હતી અને સહુને કાર્યક્રમબાદ મંચ પરથી મેળવી લેવા વિનંતી કરી હતી.

મંત્રી શ્રી પરિમલ ભીમાણી એ આભાર વિધિ કરી કાર્યક્રમની સમાપ્તિની ઘોષણા કરી સહુને સ્વરૂચિ ભોજન લેવા વિનંતી કરી હતી.

# "અડસઠ તીરથ ઘર આંગણે"

**- પારૂલબેન ભરતકુમાર ગાંધી**

માતા-પિતા, વર્તમાન સમયનું ઉપેક્ષિત પાત્ર. દિવસે દિવસે માતા-પિતાનું મહત્ત્વ, સન્માન, મર્યાદા ઘટતા જાય છે. ઘણીવાર આપણે જોઇએ તો ઘરમાં કે બહાર વડીલો કામકાજ કરતાં હોય, ઊભા હોય અને યુવાનો-યુવતીઓ ખુરશી પર પગ લાંબા કરી બેઠા હોય. ખરેખર, આવું જોઇએ ત્યારે મન ઉદાસીથી ભરાઇ જાય છે વડીલોનો માન-મરતબો સચવાતો નથી. ખરેખર, તેમાં વાંક આપણો જ છે. નાનપણથી સંતાનોને લાડ લડાવવામાં એ શીખ આપતા તો ભૂલી જ ગયા છીએ કે વડીલો સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ? એક નાનકડી વાત જોઇએ.

એક નાનો એવો બાળક ગામડામાં રહેતો હતો. તેના ઘરની બાજુમાં એક આંબાવાડી હતી. પેલો બાળક રોજ આંબા નીચે જાય, ત્યાં રમે, આંબા પર ચડે, ભૂખ લાગ તો કેરી ઉતારી ખાઈ લે. આબાંને પણ બાળક સાથે ખૂબ મજા આવતી. બાળકની સાથે તે પણ ઊઠતો. સમય પસાર થતાં બાળક મોટો થયો. આગળ ભણવા લાગ્યો. હવે તેને સમય ન મળતો. એક દિવસ તે આંબા પાસે ગયો હવે તો તે કિશોર થઇ ગયો હતો. આંબા પાસે જઇને રમ્યો, તેની નીચે બેસી આરામ કર્યો. આંબાએ કહ્યું, કેમ આવતો નથી? આવતો રહેજે. હવે પેલો બાળક યુવાન થઇ ગયો હતો. એક દિવસ આંબા પાસે આવ્યો. આંબો ઓળખી ગયો. તેણે પૂછ્યું, ઘણા વરસે આવ્યો, કેમ ઉદાસ લાગે છે? યુવાને કહ્યું, મારે ભણવું છે. મારી પાસે ફીના પૈસા નથી. આંબાએ કહ્યું, તો ચિંતા ન કર. અત્યારે ઘણી કેરીઓ આવેલી છે. તે બધી તું ઉતારી લે, પૈસા આવે તેમાંથી ફી ભરી દે. યુવાને તેમ કર્યું. તેની સમસ્યાનું સમાધાન થઇ ગયું. થોડા વર્ષો પછી ફરી પેલો પ્રૌઢાવસ્થામાં પહોંચી ગયો હતો તે આંબા પાસે આવ્યો. આંબો તેને જોઇ ખુશ થયો, ઓળખી ગયો. આજે કેમ આવ્યો છે? પેલાએ કહ્યું મારી પાસે ઘર નથી ઘર



બનાવવું છે. હું હંમેશા મારે જયારે મુશ્કેલી હોય ત્યારે જ તમારી પાસે આવું છું. આંબો કહે, ભલે આવ્યો ભાઈ. આજે મારા પર કેરીઓ તો નથી આવી, પણ મારી ડાળીઓ ઘણી છે. તેને કાપી નાખ, લાકડું લઇ જા તેનાથી તારું ઘર બનાવી લેજે. પ્રૌઢે કહ્યું 'ડાળીઓ તો કાપું તો તમે તે સાવ બુઠ્ઠા થઇ જાવ, એમ નથી કરવું. આંબો કહે, 'તેની ચિંતા ન કર' પેલાએ ડાળીઓ કાપી લીધી. આ વાતને વર્ષો વીતી ગયા.

એક દિવસ એક વૃદ્ધ માણસ આવ્યો. આંબો તેને ઓળખી ગયો. વૃધ્ધને કહ્યું કે, 'કેમ આવ્યો છે ભાઈ? આજે તો મારી પાસે કંઇ નથી. ડાળી, પર્ણ, ફળ બધું જ ચાલ્યું ગયું. આજે હું તને કાંઇ આપી શકું તેમ નથી' પેલો વૃદ્ધ કહે, 'આજે હું કંઇ લેવા નથી આવ્યો. મારે તમને ભેટવું છે. મારી આખી જિંદગીમાં મને જયારે જયારે ભીડ પડી ત્યારે તમે મને મદદ કરી છે. હું તમારો ખુબ ખુબ આભારી છું. વૃદ્ધ જયાં આંબાને ભેટે છે ત્યાં તો આંબાને નવા પર્ણો ફૂટયા, ફરી તે નવપલ્લવિત થઇ રહ્યો.

માતા-પિતા એ પણ આંબા જેવા છે. સંતાનોને જયારે જરૂર પડે ત્યારે તેઓ નિઃસ્વાર્થભાવે બધું આપતાં જ રહે છે. પોતાનો કિંમતી સમય, શક્તિ, કમાણી, પ્રેમ, લાગણી, વાત્સલ્યભાવ બધું જ. પણ સામે તેમને મળે છે શું?

જીવન-જિંદગી આપનાર માતા છે. પોતાના લોહીને સીંચીને તે બાળકને જન્મ આપે છે પુરૂં જીવન સંતાનોને સમર્પિત કરી દે છે. જયાં સુધી તેના આર્શીવાદ સંતાનોની સાથે છે ત્યાં સુધી સંતાન સંપૂર્ણ સુરક્ષિત છે. વિષમ સંયોગોમાં જયારે સગા-વહાલા-મિત્રો-પત્ની સુધ્ધા સાથે છોડી દે છે ત્યારે પણ માતા-પિતા સંતાનની ઢાલ બનીને ઊભા રહે છે. આથી આવા માતા-પિતાના આદર-સમ્માન કરી, મધુર સંબંધો રાખવા જોઇએ.

સંતાન પાસે ધન ન હોય,

મુસીબતોના પહાડ પર તૂટી પડયા હોય, ભાઈ-બહેનો અજનબી બની ગયા હોય એવા સમયે પણ માતા-પિતા સાચા સાથી બની નિભાવે છે. પૂરી સૃષ્ટિમાં માત્ર માતા-પિતા જ એવા હોય છે કે જે આપણને નસીહત તો આપે જ છે, વસિયત પણ આપે છે.

માતા-પિતાને જે સંતાનો હેરાન કરે છે તે કયારેય સુખી થતા નથી. પોતાનું સ્વાસ્થ્ય અનુકૂળ ન હોય તો પણ તેઓ સંતાનના ઉત્તમ સ્વાસ્થ્યની પ્રભુપ્રાર્થના કરે છે. પોતાની પાસે પૈસા ન હોય તો ઊછીના-ઉધાર લઇને પણ સંતાનની પ્રત્યેક ખુશી પૂર્ણ કરવા તત્પર રહે છે. અનેક મુશ્કેલીઓ સહન કરીને જન્મથી લઇ જીવનપર્યંત પાલન-પોષણ કરવાવાળા હજારો માતા-પિતા આજે વૃદ્ધાશ્રમોમાં સબડે છે, બાળકો પાસે હડધુત થઇ જીવન પસાર કરી રહ્યા છે, મરવાને વાંકે જીવી રહ્યા છે, એટલે જ કોઇક કહ્યું છે,

**ફલ ન દેગા ના સહી, છાંવ તો દેગા તુમકો,**

**પેડ બુઢા હી સહી, આંગન મેં લગા રહેને દો,**

આજે તો જે વ્યક્તિ કે વસ્તુ કામમાં આવે ત્યાં સુધી રાખવામાં આવે છે. કામ પૂરુ થઇ ગયા પછી કોઇને તે રાખવી નથી. પછી તે પશુ હોય, માતા-પિતા હોય, ઘરની વસ્તુ હોય કે વૃક્ષ હોય. માત્ર ઉપયોગિતાનું જ મૂલ્ય છે. આજે માણસ તો જીવે છે, પરંતુ માણસાઇ મરી રહી છે. માતા-પિતાએ જિંદગી આપણી પાછળ ખર્ચી નાખી. એ જયારે વૃદ્ધ થાય ત્યારે બીમાર પડે, પડી-આખડી જાય તો સંતાનની ફરજ નથી તેમનું ધ્યાન રાખવાની? તેમને જીવનના છેલ્લા શ્વાસ સુધી સુખી રાખવાની જવાબદારી સંતાનોની છે. તેમને તે તમામ સુખો આપો જે તેમણે પોતાના જીવનમાં આપણા માટે કુરબાન કરી લીધા છે.

માતા-પિતા અનુભવોના ભંડાર છે, કાર્ય કરતાં પહેલા તેમની સલાહ અવશ્ય લેવી જોઇએ. માતા-પિતાની દુઆ જેને મળે છે તેણે સમજી લેવું કે જિંદગી સફળ થઇ ગઇ. બાકી આખી દુનિયા જીતીને પણ હારી જશો. માતા-પિતાને દુભવીને આજ સુધી કોઇ પણ સુખી નથી થયું. માતા-પિતાનું દિલ જીતનારા આખી દુનિયા જીતી જાય છે, દરેક કાર્યમાં સફળતા તેના કદમ ચૂમે છે. આથી જ માતા-પિતાની સેવા કરવી, તેમની સાથે ઊંચા આવાજે વાત ન કરવી, તેમની આંતરડી કયારેય દુભવવી નહિં. કવિએ સાચું જ કહ્યું છે.

**હયાત હોય ત્યારે હૈયુ એનું ઠારજો,**

**પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો.**

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો, હેતથી હાથ પકડીને તીર્થ સાથે ફરજો. માતૃ-દેવો ભવ-પિતૃદેવો ભવ સનાતન સત્ય છે, પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો ? પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહિં મળે, પછી ઉછીનો પ્રેમ લઇ આસું સારી શું કરશો ?

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૧૦૦/- જયશ્રીબેન (જયોતિ) નરેન્દ્રભાઈ ભાયાણીના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ

**અનાજ વિતરણ ખાતે**

૧૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ ન્યાલચંદ પારેખ તરફથી ચિં.વિરતીની અઠ્ઠાઈ તપની તપસ્યા પ્રસંગે ભેટ

૫૦૦૦૦/- શ્રી જીગરભાઈ વિનોદભાઈ શામજીભાઈ શાહ તરફથી સ્વ.રસીલાબેન ચુનીલાલ મહેતાના સ્મૃતિએ ભેટ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત**

૫૧૦૦૦/- તારાચંદ મહેતા ચેરીટી ટ્રસ્ટ મુંબઈ તરફથી શ્રી શરદચંદ્ર તારાચંદ મહેતાના આત્મશ્રેયાર્થે

# અવસાન નોંધ :

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ રાણપુર (સોરઠ) નીવાસી હાલ મુલુંડ, અ.સૌ.જયશ્રીબેન (જયોતિ) નરેન્દ્રભાઈ ભાયાણી (ઉ.વ.૭૦) તા.૯-૧૧-૨૦૨૫ને અરિહંત શરણ પામેલ છે. તે નેહા, નીરવ વોરા અને હિરલ ભાવીન ભાયાણીના માતુશ્રી, જયોતિબેન-છબીલભાઈ, બિન્તાબેન-પ્રફુલભાી, જયશ્રીબેન-જીતેન્દ્રભાઈ, ચંદનબેન-મનસુખલાલ મહેતા, જયોતિબેન-નરેશકુમાર લાખાણીના ભાભી, પિયરપક્ષે સોરઠ વંથલી નિવાસી હાલ ભાયંદર, નિર્મલાબેન દીપચંદ વોરા - વિનોદભાઈ, રમેશભાઈના બેન, ચિ.તેજલ, કનીકા, શિખા, રુહાન, હૃદયના દાદી-નાની. - નરેન્દ્રભાઈ મો: ૮૯૨૮૩૭૨૪૩૩

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# ચૈત્ય પરિપાટી નો અહેવાલ

- શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ દ્વારા આ વર્ષે પર્યુષણ મહા પર્વના ૧૨ કર્તવ્યોમાંથી એક કર્તવ્ય ચૈત્ય પરિપાટીનું સમાજના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત તા:૨૧/૯/૨૦૨૫ રવિવારના રોજ માનસ મંદિર, શાહપુર મુકામે આયોજન કરવામાં આવ્યું હતું.




જેમાં સમાજની નીચે મુજબની ધાર્મિક સબ કમિટીની નિમણૂંક કરવામાં આવી હતી.

(૧) પ્રમુખ સેવક : શ્રી કિરીટભાઈ પ્રભુદાસ મહેતા

(૨) શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા - કન્વીનર

(૩) શ્રી કિર્તિભાઈ રસિકલાલ વસા

(૪) શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા

(૫) શ્રી જયેશભાઇ શરદચંદ્ર વસા

ધાર્મિક સબ કમિટી દ્વારા ૩ મહિના અગાઉ થી ચૈત્ય પરિપાટી ની તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી. જેમ કે સહુ પ્રથમ માનસ મંદિર શાહપુર મુકામે રહેવા માટે રૂમોની સગવડ, પૂજન માટે હોલ, સવાર, બપોર, સાંજના ભોજનની વ્યવસ્થા વેગેર. પહેલી મુલાકાત લીધી ત્યારે પૂર્ણ સર્વે કર્યું. ૫૦૦ સભ્યો થાય તે માટે અંદાજીત ખર્ચની ગણતરી કરી. એટેલે કે ટોટલ બજેટ તૈયાર કર્યું. તે ઉપરથી વ્યક્તિ દીઠ કેટલો ખર્ચ થાય તે અંગે ગણતરી કરી. ત્યારબાદ દાતા કેવીરીતે લેવા તે નક્કી કર્યું. પછી બીજી વાર માનસ મંદિર શાહપુરની જુલાઇમાં ધાર્મિક સબ કમિટીએ મુલાકાત લઇ તા.૨૧/૯/૨૦૨૫ રવિવારના બુકિંગની એડવાન્સ રકમ ભરી ચૈત્ય પરિપાટી માટેના શ્રી શુભ શરૂઆત કરી.

યાત્રા પ્રવાસના ખર્ચને પહોંચી વળવા સબ કમિટીના સર્વે સભ્યોએ સર્વાનુમતે નીચે જણાવેલ લીસ્ટ મુજબ લાભાર્થીઓ લેવાનું નક્કી કર્યું. (૧) મુખ્ય લાભાર્થી (૨) આધાર સ્તંભ દાતા (૩) નવકારશીના દાતા (૪) બપોરના ભોજનના દાતા (૫) ચૌવિહારના દાતા (૬) એ.સી. બસના દાતા (૭) સહાયક દાતા

ચૈત્ય પરિપાટીમાં દરેક વ્યક્તિ જોડાઇ શકે તે માટે રૂપિયા ૧૬૦૦ ના ખર્ચ સામે સમાજના દરેક સભ્ય પાસેથી રૂપિયા ૩૦૦/- (નોન રિફંડેબલ) લેવાનું નક્કી કર્યું. ઉપરાંત સંઘ પૂજનમાં જેમને લાભ લેવો હોય તેનો એક આનીનો નકરો રૂપિયા ૧,૦૦૦/- રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ સબ કમિટી એ ચૈત્ય પરિપાટી મોટની પૂર્ણ રૂપરેખા તૈયાર કરી આપણાં સમાજની સમિતિ સભ્યોની મિટિંગ બોલાવી રજૂઆત કરી.

સર્વે સમિતિ સભ્યોએ સહર્ષ સ્વીકારી સંમતિ આપી તૈયારી શરૂ કરવા જણાવ્યું. ત્યારબાદ પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા તથા સર્વે સમિતિ સભ્યાએ ખર્ચાને પહોંચી વળવા દાતાઓ મેળવવાના પ્રયત્નો શરૂ કરી દીધા. અને આ અપીલ સામે નીચે આપેલા તમામ દાતા પરિવારે ખુબ ઉત્કૃષ્ટ ભાવે તેમની સંમતિ દર્શાવી તે તમામ દાતા પરિવારની સમાજ ખુબ ખુબ અનુમોદના કરે છે.

(૧) મુખ્ય લાભાર્થીઃ માતુશ્રી નિર્મળાબેન કાંતિલાલ નંદલાલ વોરા પરિવાર

(૨) આધાર સ્તંભ-૧ લાભાર્થી : માતુશ્રી પ્રેમકુંવરબેન પ્રભુલાલ પોપટલાલ મહેતા પરિવાર

(૩) આધાર સ્તંભ-૨ લાભાર્થી : શ્રીમતી રૂપલબેન શૈલેષભાઇ વોરા પરિવાર

(૪) નવકારશીના લાભાર્થી : શ્રી દેવચંદ કરમચંદ વસા પરિવાર

(૫) સ્વરૂચિ ભોજનના લાભાર્થી : માતુશ્રી લલિતાબેન ફુલચંદ પ્રાગજીભાઈ મહેતા પરિવાર

(૬) ચૌવિહારના લાભાર્થી : શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર

એ.સી.બસના દાતાઃ

(૧) શ્રીમતી ઇન્દુમતીબેન મહેન્દ્રભાઇ મુગટલાલ વોરા પરિવાર

(૨) શ્રી નવીનભાઈ ગોકળદાસ સંઘવી પરિવાર

(૩) સ્વ.છાયાબેન ભરતભાઈ વોરા પરિવાર

(૪) શ્રી લલિતભાઈ દામોદરદાસ મહેતા પરિવાર (સમ્રાટ ફાર્મા)

(૫) શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ, ભાયંદર

(૬) શ્રીમતી નયનાબેન વિનોદરાય મહેતા પરિવાર

(૭) શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન ઉત્કર્ષ મંડળ, મુલુંડ

(૮) શ્રીમતી છાયાબેન વિનોદભાઈ શેઠ પરિવાર

(૯) માતુશ્રી સવિતાબેન શશીકાંતભાઇ સંઘવી પરિવાર અને માતુશ્રી કંચનબેન ધનજીભાઇ વસા પરિવાર

(૧૦) એક શુભેચ્છક

સહાયક દાતાઃ

(૧) શ્રીમતી તનુમતિબેન શિરીષભાઈ વસા પરિવાર

(૨) શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા પરિવાર

(૩) શ્રી નવીનચંદ્ર ગોકળદાસ સંઘવી પરિવાર

(૪) શ્રીમતી નંદાબેન નવીનચંદ્ર સંઘવી પરિવાર

(૫) શ્રીમતી ભાવનાબેન હસમુખભાઈ પારેખ પરિવાર

(૬) શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા પરિવાર

(૭) શ્રીમતી મંજુલાબેન જયંતિલાલ કોરડિયા પરિવાર

(૮) માતુશ્રી સમરતબેન લવચંદ વોરા પરિવાર

(૯) શ્રી છોટાલાલ ઠાકરશી વોરા પરિવાર

ધાર્મિક સબ કમિટી પર્વ પર્યુષણ પૂર્ણ થયા બાદ ફરીથી માનસ મંદિર શાહપુરના ટ્રસ્ટી અને આપણા સમાજના પણ ટ્રસ્ટી શ્રી ભરતભાઇ ન્યાલચંદ મહેતા અને સ્ટાફ સાથે મિટિંગ કરી પૂર્ણ કાર્યક્રમ યોજવામાં કેમ આગળ વધવું તે નક્કી કર્યું. શાહપુર યાત્રા પ્રવાસમાં દરેક વ્યવસ્થામાં ઉત્કૃષ્ટ સગવડતા કરી આપવામાં વિશિષ્ટ સહાયક બનીને સિંહ ફાળો આપનાર ટ્રસ્ટી શ્રી ભરતભાઇ ન્યાલચંદ્ મહેતાનો અને તેમની વ્યક્તિગત હાજરીના હિસાબે અને તેમના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમનો સમય પત્રક તૈયાર કર્યો.

તા.૨૧/૯/૨૦૨૫ રવિવારના દરેક પરાનાં મંડળના પ્રતિનિધિઓ સવારે પોતાના સભ્યોને લઇને સમયસર ૯ કલાક સુધી ટોટલ ૧૦ બસ અને ૨ મીની બસમાં ૫૦૦ સભ્યો સાથે માનસ મંદિર, શાહપુર પધાર્યા. દરેક યાત્રિકોને પાસ આપવામાં આવ્યા હતા. જેમાં રૂમ નંબર, નવકારશી, બપોરનું ભોજન, ચૌવિહારની વિગતો હતી.

સૌ પ્રથમ સર્વે યાત્રિકો તેમને ફાળવેલ એસી રૂમમાં સામાન મૂકી નવકારશી માટે પ્રયાણ કર્યું. બાદ યાત્રિકો ઉપર શ્રી આદેશ્વર દાદા તથા અન્ય પરમાત્માની સેવા પૂજા કરવા ગયા. અમુક યાત્રિકો નીચેના હોલમાં શ્રી ભવ્યભાઈ ની ટિમ દ્વારા અને સંગીતના સથવારે અષ્ટોત્તરી અભિષેકમાં જોડાયા. મુખ્ય લાભાર્થી પરિવારોના સભ્યોને સૌ પ્રથમ અભિષેકનો લાભ આપ્યો અને ત્યાર બાદ ઉપસ્થિત રહેલા દરેક યાત્રિકો ને પણ અભિષેકનો લાભ આપ્યો. બીજા યાત્રિકો ઉપર દાદાની પૂજા કરીને આવતા ગયા તેમ તેમ અભિષેકમાં જોડાતા ગયા સર્વે એ ખૂબ જ ઉલ્લાસપૂર્વક અભિષેકમાં ભાગ લીધો અને પરમાત્મા સમક્ષ પોતાના ભક્તિના ભાવ રજૂ કરી મન મૂકીને ચામરનૃત્ય દ્વારા પરમાત્મા સમક્ષ તેમના ઉત્કૃષ્ટ ભાવ રજૂ કર્યા.

ભોજનમાંથી પરવારી બપોરે ૩ કલાકે તમામ યાત્રિકો હોલમાં ભેગા થયા હતા. ત્યાં ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ માં લાભ લીધેલ દરેક લાભાર્થી પરિવારનું યથાયોગ્ય બહુમાન કરવામાં આવ્યું હતું.

ઉગ્ર તપસ્વીઓના બહુમાનના લાભાર્થી જીવદયા પ્રેમી અને ધર્મ પ્રેમી શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી ગોકળદાસ મૂળજી સંઘવી અને માતુશ્રી સુરજબા ગોકળદાસ મૂળજી સંઘવી પરિવારવતી હાજર રહેલા શ્રી કિરણભાઈ નવિનચંદ્ર સંઘવી તેમજ શ્રીમતી ભાવનાબેન કિરણભાઈ સંઘવી નું મુંબઈ સમાજ તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું. અને દરેક ઉગ્ર તપસ્વીઓનું બહુમાન શ્રી કિરણભાઈ તેમજ શ્રીમતી ભાવનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

આપણા સમાજના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ ન્યાલચંદ મહેતાની ખુબ ખુબ અનુમોદના અને સમાજે તેમના માતુશ્રીનું તથા એમનું અને ત્યાંના સ્ટાફનું પણ વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતુ.

આ ઉપરાંત ૧૪૨ સભ્યોએ સંઘ પૂજનમાં લાભ લીધો હતો. દરેક યાત્રિકોને સંઘ પૂજન માં રૂપિયા ૨૦૦ નું કવર તેમજ શાહપુર - માનસ મંદિરના જયણા પૂર્વક બનાવેલા પાકા માવાના પેંડા ની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી સંઘ પૂજન કરવાનો લાભ ઉત્કૃષ્ટ ભાવે બોલી બોલીને માતુશ્રી નિર્મળાબેન કાંતિલાલ નંદલાલ વોરા પરિવારે લીધો હતો અને શ્રી મહેશભાઈ તેમજ શ્રી પંકજભાઈ ના પરિવારના સભ્યો દ્વારા ઉપસ્થિત રહેલા સર્વે યાત્રિકોનું તિલક કરી સંઘ પૂજન કરવામાં આવ્યું હતું.

ચૈત્ય પરિપાટી બહુમાન સમારંભમાં શ્રી ભરતભાઈ મહેતા એ સોરઠ વામા વૃંદનો પરિચય આપ્યો તેમજ તેમનો સહુ પ્રથમ કાર્યક્રમ રક્તદાન શિબિરના આયોજન માટે દાનની ટહેલ કરવામાં આવી હતી. અને માત્ર થોડાકજ સમયમાં રૂપિયા ૧.૫૦ લાખ જેટલી રકમ દાતાઓ તરફથી મળી હતી.

બહુમાનનો કાર્યક્રમ અંદાજ ૫:૧૫ કલાકે પૂર્ણ થયો અને સર્વે યાત્રિકો એ ચૌવિહાર માટે ભોજન ખંડ તરફ પ્રયાણ કર્યું. ત્યારબાદ સર્વે યાત્રિકો એ પોતાનો સામાન લઇ પોતાની બસમાં બેઠક મેળવી લીધી અને પોતાના નિવાસ સ્થાને પ્રયાણ કર્યું.

આ માનસ મંદિર શાહપુર મુકામે યોજેલ ચૈત્ય પરિપાટી ખૂબ જ યાદગાર બની રહી અને પધારેલ સર્વે યાત્રિકોએ પણ સર્વે સમિતિ સભ્યોને ખુબ જ સુંદર રીતે સાથ સહકાર આપ્યો તે બદલ સર્વે યાત્રિકોનો ખૂબ ખૂબ આભાર.

ચૈત્ય પરિપાટીના સફળ આયોજન માટે પ્રમુખ શ્રી ને પ્રશંસાના ઘણાં જ સંદેશા આવ્યા તે માટે પણ પ્રમુખ શ્રી અને સર્વે સમિતિ સભ્યો તરફથી ખૂબ ખૂબ આભાર.

અને છેલ્લે આપની યાત્રા દરમ્યાન કોઇ પણ યાત્રિક સાથે સમિતિ સભ્યથી અવિનય અવિવેક થયો હોય અથવા તો કોઇ અગવડતા પડી હોય તો મન વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડમ.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળ જૈન મંહિલા મંડળ - બોરીવલી

આપણા મંડળનો આ વર્ષનો ધાર્મિક કાર્યક્રમ - ચૈત્ય પરિપાર્ટીના રૂપે તા.૧૩-૯-૨૦૨૫ ના રોજ આયોજાયો. જેમાં ન્યુ બોમ્બેના પાંચ તીર્થશ્રી મુનિસુવ્રત દાદાના જીનાલયોને સાંકળી લેવાયા.

સવારે ૭.૩૦ કલાકે આદિત્ય બેન્કવેટ પાસેથી બંને બસો માં સહુ બહેનોએ દાદાના નામ સાથે અને નવકારની ગુંજ વચ્ચે પ્રયાણ કર્યું. ગીતાંજલી જૈન દેરાસરમાં દર્શન કરી બેનો એ.સી. બસમાં બેઠા.



સૌ પ્રથમ નવકારશી માટે પ્રથમ રોકાણ જલારામ કાઠીયાવાડી ખાતે કર્યું. કલાક પછી બરાબર ૯.૩૦ કલાકે બસમાં પાછા ગોઠવાઇ જઇ નેરૂલ તરફ રવાના થયા. ત્યાં દાદા શ્રેયાસનાથના દર્શન તથા ચૈત્યવંદન કરી ૧૧.૩૦ વાગ્યે બેલાપુર પહોંચ્યા ત્યાં મુનિસુવ્રતદાદાના દર્શન કરી ૧૨.૩૦ વાગ્યે વાશી દેરાસર પહોંચ્યા.

આ દિવસ શત્રુંજય તપના એકાસણાનો દિવસ હતો તો બેનોએ ભાવથી શત્રુંજય ભાવયાત્રા કરી. ત્યારબાદ વાશી દેરાસરમાં દર્શન-સેવા-પુજા તથા ચૈત્યવંદન કરી બપોરના જમણનો આનંદ ઉઠાવ્યો. ૨.૩૦ વાગ્યે પરત બસમાં જગ્યા લઇ લીધી અને થાણામાં મુનિસુવ્રતદાદાના દેરાસરમાં ૫ વાગ્યે પહોચી ગયા. ત્યાં દર્શન–વંદન કરી એ દેરાસરના હોલમાં સહુ બહેનો ગોઠવાઇ ગયા.



સૌ પ્રથમ ત્યાં તપસ્યાનું બહુમાન શરૂ કરતા પ્રથમ ઉગ્ર તપસ્વી શ્રીમતી હર્ષાબેન ગીરીશભાઈ મહેતાનું ૩૬ ઉપવાસ નિમિત્તે બહુમાન કરવામાં આવ્યું, ત્યારબાદ શ્રીમતી પ્રીતીબેન ભાયાણીનું માસક્ષમણ નિમિત્તે બહુમાન કરાયું. જે બહુમાન શ્રીમતી તુલાબેન તથા કમીટીની બહેનો શ્રીમતી પ્રીતીબેન વસા તથા ચેતનાબેને કર્યું.

પછી શ્રીમતી તુલાબેને આ પ્રોગ્રામના મુખ્ય લાભાર્થી તરીકે લાભ લેનાર શ્રીમતી પલ્લવીબેન પટવાનું બહુમાન કર્યું તથા બાકીના દરેક લાભાર્થીઓને સ્ટેજ ઉપર બોલાવી એમની અનુમોદના કરવામાં આવી.

દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીમતી પલ્લવીબેન પટવાએ સાડીથી દરેક તપસ્વીનું બહુમાન કર્યું.



ભક્તિના રંગમાં રંગાઇ જઇને એટલા મગ્ન બની ગયા હતા કે સમય કયાં વીતી ગયો તે ન સમજાયું. સમય ઓછો પડતો હોય એવું લાગ્યું પણ બહેનોના આગ્રહને માન આપી ૨૦ મિનિટમાં ધાર્મિક હાઉસી રમાડી આ કાર્યક્રમને પૂર્ણાહુતી આપી.

દર વર્ષના ક્રમ મુજબ લાભાર્થી બહેનોના હસ્તે સંઘપૂજન કરાવ્યુ જેમાં મંડળ તરફથી પ્રભાવનાના કવર તથા જમવાના પાસ આપી સહુ બહેનો ચોવિહારને ન્યાય આપવા આગળ વધ્યા.

પ્રમુખ શ્રીમતી તુલાબેને પ્રતીબેન પાસે સોરઠ વામા વૃંદ મહિલા મંડળના મેમ્બર બનવાની જાહેરાત દ્વારા અપીલ કરાવી અને દરેકને તેના ફોર્મ આપ્યા. ત્યારબાદ મેમ્બર બહેનોએ ખુશી વ્યક્ત કરતા આટલા સુંદર કાર્યક્રમના આયોજન બદલ મંડળની કમીટી બહેનોનો આભાર વ્યક્ત કર્યો અને ૭.૩૦ કલાકે સહુ ધાર્મિક કાર્યક્રમના આનંદની ઉજવણી સાથે બોરીવલી ઘર તરફ રવાના થવા બસમાં ગોઠવાયા.

આમ ઘર તરફ પાછા ફરતા બહેનો એક વધુ સુંદર સ્મૃતિ સાથે મંડળ માટે ખુશાલી અનુભવી પાછા ફર્યા.

| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** | **સેક્રેટરી** |
|---|---|---|
| શ્રીમતી તુલાબેન મહેતા | શ્રીમતી દિપ્તીબેન માજની | શ્રીમતી ફાલ્ગુનીબેન મહેતા<br>શ્રીમતી કવિતાબેન મહેતા |

# ભાઈબીજ - સ્નેહ સંમેલન ૨૦૨૫ ના યાદગાર સંભારણા

















PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

## ભાઈબીજ સ્નેહ સંમેલનના માનનીય યજમાન પ્રતિનિધિ



# શ્રીમતી બીનાબેન પ્રદિપભાઇ વોરા

શ્રીમતી બીનાબેનનો જન્મ ૨૭-૧૧-૧૯૫૬ માં કલકતા ખાતે વીરચંદ પાનાચંદ (વીરનગર-સૌરાષ્ટ્ર) ના પરિવારના સ્વ.રજનીકાંત રતિલાલ શાહના ઘરે થયો હતો. તેમના માતા ઇન્દુમતીબેન હાલ ૯૧ વર્ષનું આયુષ્ય ભોગવી રહ્યા છે.

માતા-પિતા તરફથી ધાર્મિક, પરોપકાર, પરગજુ તથા કુટુંબભાવના જાળવવાના ઉચ્ચ સંસ્કાર પ્રાપ્ત થયેલ છે. તેમના પરિવારમાં બીનાબેન સૌથી મોટા છે. તેમના બે ભાઈઓ સૌરભભાઈ તથા સ્નેહલભાઈ છે. પ્રાથમિક શિક્ષણ કલકતા ખાતે અને પછી હાઇસ્કુલ (નિર્મલા કોન્વેન્ટ) તથા કુંડલિયા કોલેજ થી બી.કોમ. ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

બીનાબેનના લગ્ન મઘરવાડા નિવાસી હાલ મુંબઈ સ્વ.સમજુબેન ગીરધરલાલ જીવનભાઈ વોરાના દિકરા પ્રદિપભાઇ સાથે ૧૯૭૮ માં થયેલ છે. છ ભાઈઓ તથા એક બહેનના બહોળા પરિવારમાં તેઓ દુધમાં સાકર ભળે એમ ભળી ગયા છે. માતા-પિતાની સેવા, ભાઈઓ, ભાભીઓ, નણંદ-નણંદોઇ સાથે આદર-સત્કાર તથા તેમના બાળકો સાથે પ્રેમ અને વાત્સલ્યથી ભરપૂર જીવન જીવી રહ્યા છે.

તેમના પરિવારમાં એક પુત્ર ધર્મીલ છે. જે મિકેનીકલ એન્જીનીયરીંગ તથા એમ.બી.એ. નો અભ્યાસ પૂર્ણ કરી પપ્પા સાથે ખભેખભા મિલાવી મેટલ પ્રીન્ટીંગ ના બિઝનેસમાં કાર્યરત છે. ધર્મીલના લગ્ન મચ્છુકાંઠા નિવાસી હાલ મુંબઈ શ્રી ભરતભાઈ કાંતિલાલ મહેતાની સુપુત્રી ધરા સાથે ૨૦૧૫ માં થયેલ છે. તેને શનાયા નામની ૭ વર્ષની પુત્રી છે.

તેઓ બહોળું કુટુંબ, કૌટુંબિક વ્યવહારો, ધાર્મિક તથા સામાજિક જવાબદારીઓ બધામાં પતિ તથા બાળકોને પૂરેપૂરો ઉત્સાહપૂર્વક સાથ આપે છે. આવા ધર્મપ્રેમી, સમાજપ્રેમી, કુટુંબપ્રેમી તથા ઉત્સાહી યજમાન પ્રતિનિધિ મળ્યાનો સમાજને ગર્વ છે.

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : Jayesh Saradchandra Vasa